# આ તે કેવું જાહેર હિત !?

*સંશોધનાત્મક અહેવાલ*

આવતીકાલનાં સોનેરી સ્વપ્નો માટે ઉદ્ધ્વસ્ત
થઈ રહેલા નર્મદાના આદિવાસીઓની દાસ્તાન



Equations

# આ તે કેવું જાહેર હિત !

(સંશોધનાત્મક અહેવાલ)


સુપર્ણા લાહીરી
(NFFPFW)
અને
અદિતિ ચંચાની
(Equations)


અનુવાદક :
જ્યોતિભાઈ દેસાઈ

Equations

**Aa te Kevu Jaher hit !**

માત્ર વ્યક્તિગત ઉપયોગ માટે


પ્રથમ આવૃત્તિ
ઓગસ્ટ ૨૦૦૮ : પ્રત ૧,૦૦૦



*પ્રસ્તુત દસ્તાવેજની માહિતીનો ઉપયોગ બિનવ્યાવસાયિક કે જનજાગૃતિના હેતુ માટે કરવા આપનું સ્વાગત છે. સ્રોતનો ઉલ્લેખ કરવા વિનંતી છે.*



પ્રકાશક
**EQUATIONS : Equitable Tourism Options**
#415,2C-Cross, 4th Main, OMBR Layout, Banaswadi, Bangalore-560043
Ph : +91-80-25457607/25457659, Fax : +91-80-25457665
Email : info@equitabletourism.org Url : www.equitabletourism.org

મુદ્રક
**મધુ પેકેજિંગ**
કારેલીબાગ વડોદરા ૩૯૦ ૦૧૮

## પ્રસ્તાવના

**આ**પણે જ્યારે પણ રાજ્યના કહેવાતા વિકાસના પ્રોજેક્ટોની વાત સાંભળીએ છીએ ત્યારે ઘણી વાર તેમની વાતોમાં આવી જઈએ છીએ. આવા સમયે મારી સૌ મિત્રોને વિનંતિ છે કે આવા ‘વિકાસ’ના પ્રોજેક્ટોની બને તેટલી વધુ તટસ્થ માહિતીનો અભ્યાસ કરીએ. આ નાનકડી પુસ્તિકા ‘આ તે કેવું જાહેર હિત ?’ કેવડિયા વિસ્તારનાં ૧૬ ગામના આદિવાસીઓને થનારા અન્યાયનો આવો એક અભ્યાસ પૂરો પાડે છે.

સરદાર સરોવર ડેમની આપસાપસ ચાલતા વિવાદોથી ગુજરાતના લોકો વધતે ઓછે અંશે માહિતગાર છે જ. પુનર્વસનના દાવા તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતની ત્રણેય સરકારો કરે છે પરંતુ, વસાહતોમાં જઈએ ત્યારે જ પુનર્વસિત લોકોની મુશ્કેલીઓનો સાચો ખ્યાલ આવે. હજી તો અઢી લાખ વિસ્થાપિત લોકોના પુનર્વસનનું કામ પૂરું થયું નથી ત્યાં ગુજરાતના કેવડિયા વિસ્તારમાં એટલે કે સરદાર સરોવર બંધના આસપાસના લોકો હજી વધુ વિસ્થાપિત થાય તેવા ‘પ્રવાસન’ના મહાલય કે પ્રોજેક્ટનું આયોજન ગુજરાત સરકારે હાથ ધર્યું છે.

૧૯૬૧માં વડોદરાથી ૯૦ કિ.મી.ના અંતરે આવેલા કેવડિયા, વાઘોડિયા, કોઠી, લીમડી, નવાગામ અને ગોરા ગામના લોકોનાં રહેણાકો તથા ઊભેલા પાકના વળતર પેટે અડધા-પડધા પૈસા ચૂકવીને તેમની જમીનો આંચકી લેવામાં આવી હતી. આ ગામોના લોકોનો, તેમને ‘સરદાર સરોવર ડેમ’ના અસરગ્રસ્ત ગણવામાં આવે તેવી માંગણી સાથેનો, સંઘર્ષ આજે પણ ચાલુ છે. ખાલસા કર્યા પછી પણ આ ગામોની ઘણી જમીનો કોઈપણ ઉપયોગ વગર આટલાં વર્ષોથી પડી રહી છે. સંસદીય સમિતિ S.C.S.T. વેલ્ફેર તેના ૫૯મા રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવે છે તે પ્રમાણે જે હેતુ માટે જમીન સંપાદન કરવામાં આવી હોય તેને માટે ઉપયોગમાં ન લેવાય તો તે જમીન મૂળ માલિકને પરત કરવાની



રહે છે. અને આ બાબતની જાણ કેન્દ્ર સરકારે એપ્રિલ ૧૯૯૬માં ગુજરાત સરકારને કરી હતી. આમ કરવાને બદલે ગુજરાત સરકાર બીજાં વધુ ૧૦ ગામોની જમીનો સંપાદિત કરીને કુલ ૧૬ ગામમાં પ્રવાસન માટે - શ્રીમંતોની ‘રજાની મજા’ માણવાની ‘જરૂરિયાત’ પૂરી કરવા આ વિસ્તારમાં હોટેલો અને વ્યવસ્થાઓ ઊભી કરવાના કામે લાગી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આ વિસ્તાર અનુસૂચિ-૫ને અંતર્ગત આવતો હોઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સંમતિ વગર KADA પ્રાધિકરણને જમીન આપવાનો નિર્ણય લેવાયો કેવી રીતે ? બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારા મુજબ આદિવાસી વિસ્તારોને સંપૂર્ણ સ્વરાજ્યના અધિકારો આપવામાં આવેલ છે. કાડાનું આયોજન કરીને આ સત્તા આદિવાસીઓ પાસેથી ઝૂંટવાઈ રહી છે તેની નોંધ લેવી ઘટે.

જાહેર હિતના નામે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અધિકારો ઝૂંટવાઈ રહ્યા છે એટલું જ નહીં, પ્રવાસનને જાહેર હિત ગણાય એ પણ એક આશ્ચર્યની ઘટના છે ! ગમે તેટલી છૂટ લઈને વિચારીએ તો પણ બંધના નિર્માણ માટે લેવાયેલી જમીન કોઈ ખાનગી પેઢીને હોટેલ બાંધવા માટે અપાય તે તો કોઈ પણ વાદે જાહેર હિત ગણાવી શકાય તેમ નથી. તેમ છતાં આવું ગેરકાનૂની પગલું ભરવાનો ઈરાદો ગુજરાત સરકાર ૨૦૦૮ની સાલના મધ્યમાં જાહેર કરવા જઈ રહી છે.

પ્રસ્તુત પુસ્તિકા બેંગલોરસ્થિત સંશોધન અને હિમાયત કરનારી સંસ્થા ઇક્વેશન્સ વતી કરાયેલી વિસ્તૃત તપાસનો અહેવાલ, જે મૂળ અંગ્રેજીમાં હતો, તેનો અનુવાદ છે. આ સંશોધનાત્મક અહેવાલ સુપર્ણો લાહીરી અને અદિતિ ચંચાનીએ મળીને માર્ચ ૨૦૦૭માં કેવડિયા વિસ્તારની જાત તપાસ લઈને તૈયાર કર્યો છે. આ અનુવાદ જાણીતા શિક્ષણશાસ્ત્રી શ્રી જ્યોતિભાઈ દેસાઈએ કર્યો છે. જે વિસ્તારના લોકોના જીવન પર પ્રસ્તુત યોજનાની અસર થવાની છે, તેમની જાણકારી માટે આ અનુવાદ અત્યંત મહત્ત્વનો છે. કારણ કે સરકારે તો આ મિત્રોને કોઈ માહિતી પહોંચાડી જ નથી !

સરકારોની કહેવાતી વિકાસનીતિ સામાન્ય આદિવાસીઓ માટે કેવી દર્દનાક પુરવાર થાય છે તે તરફ અંગુલીનિર્દેશ કરવાનું મહત્ત્વનું કામ આ પુસ્તિકા કરે છે.

**- રોહિત પ્રજાપતિ**

## જાહેર હિતના નામે દ્રોહ !

નર્મદાની ખીણ ઉપર અન્યાયનો સપાટો સતત જ ચાલતો રહે છે. જેમ જેમ સરદાર સરોવરનો બંધ ૧૩૫ મીટરની ઊંચાઈએ પહોંચવા આગળ વધી રહ્યો છે તેમ તેમ દરેક ચોમાસે, વર્ષોવર્ષ વધુ ને વધુ ટેકરીઓ, ડુંગરો અને મેદાની ભૂમિના વિસ્તારો, નિસર્ગદત્ત યથાતથ રહેલાં જંગલો અને ગામોનાં ગામો ડૂબમાં જઈ રહ્યાં છે. આ ઉપરાંત યોગ્ય પુનર્વસન કે યોગ્ય વળતર વગર જનસામાન્યનાં ઘરો તેમજ ખેતરો તેમના પકવેલા પાકો સાથે ડુબાડાઈ રહ્યાં છે. આ દુર્ભાગ્યભરી વાત કેવળ સરદાર સરોવર પૂરતી જ સીમિત નથી. સમગ્ર નર્મદા ઘાટીમાં વસનારા સૌ કોઈના ઉપર આ અમાનુષી કષ્ટ વેઠવાનું થોપવામાં આવ્યું છે. ઓમકારેશ્વર બંધ, માનબંધ, ઇન્દિરા સાગર પ્રયોજના, બર્ગી અને મહેશ્વર બંધ જેવા તમામ બંધો આવો જ સત્યાનાશ ફેલાવી રહ્યા છે. લાખો લોકોને માત્ર પા સદીના ટૂંકા ગાળામાં તેમનાં વંશપરંપરાગત રહેણાકો તેમજ હજારો હજારો હેક્ટર જમીનો પરના પાકો ડુબાડીને ઉજાડી દેવાઈ રહ્યાં છે. તેની વિરુદ્ધ વીસ વીસ વરસથી હિમ્મતભેર ટક્કર આપનારાં આંદોલનો ચલાવાઈ રહ્યાં છે, શ્રેષ્ઠતમ બલિદાનો દેવાયાં છે. નર્મદા જળ તકરાર નિર્વાણ ટ્રીબ્યુનલના આદેશો, ભારતની સર્વોચ્ચ અદાલતના તેમજ હાઈકોર્ટોના હુકમો થવા છતાં પચ્ચીસ લાખથી વધુ સંખ્યાના લોકો, જેમાં મોટી સંખ્યામાં તો આદિવાસીઓ જ છે, તેમનું પુનર્વસન કરવાનું બાકી હોવા છતાં તે તમામ આ 'નર્મદા આઈ' ક્યારે તેમને ડુબાડવા આવી પહોંચશે, તેની વાટ જોઈ રહ્યા છે.

આ નર્મદા ખીણની પ્રયોજનામાં ૩૦ મહાબંધો, ૧૩૫ મધ્યમ કક્ષાના બંધો અને ત્રણ હજાર નાના બંધો બંધાશે. તેમજ પંચોતેર હજાર કિલોમીટરની લાંબી નહેરો રચાવાની છે. તેમ કરીને પોતે જ્યાં ઇચ્છે ત્યાં નર્મદા નદીનાં પાણી મોકલવાનો અબાધિત અધિકાર રાજ્ય સરકારે હુકમનામા દ્વારા મેળવી લીધો છે. આ પ્રયોજનાનો ખરડો ૧૯૭૯માં દસ દસ વરસની ચર્ચાઓ થયા બાદ રજૂ કરવામાં આવ્યો હતો. તે ખરડા મુજબ આ સરદાર સરોવર તો નર્મદા નદી જ્યાં છેલ્લે અરબી સમુદ્રમાં સમાઈ જાય છે તે સ્થળે છેવટના બંધ તરીકે પ્રયોજાયો છે. આ બંધ અને ઇન્દિરા સાગર આ બે મહાકાય બંધો નર્મદા ઘાટીને ઘેરી લેવા યોજાયા છે.

હજી જ્યારે અઢી લાખ વિસ્થાપિત લોકોનું પુનર્વસનનું કામ પૂરું થયું નથી ત્યારે ગુજરાતના કેવડિયા વિસ્તારમાં એટલે કે સરદાર સરોવર બંધની આસપાસના વિસ્તારના એથી પણ વધુ લોકોને વિસ્થાપિત કરવાનું વિચારાઈ રહ્યું છે ! આ નવતર કલ્પના 'પ્રવાસનની મહાકાય પ્રયોજના' ગુજરાતના ગૌરવ સમાન ગણાતા



વિસ્તારની આસપાસ ઊભી કરવાનો પ્રસ્તાવ છે. જેના પરિણામે કેવડિયાના વિસ્તારમાં રહેનારા લોકો માટે તો હવે બેવડો માર ખાવાનો દુર્ભાગ્યપૂર્ણ પ્રસંગ આવી પડ્યો છે. બંધની વિરુદ્ધ તો દાયકાઓથી સંઘર્ષ ચલાવી જ રહ્યા છે ત્યાં આ નવો 'ટુરીઝમ' નામનો દુશ્મન તેમની સામે લડવા માટે ખડો કરાઈ રહ્યો છે.

## કેવળ બંધ નહીં, ટુરીઝમ પણ કેવડિયા વિસ્તારમાં જ શા માટે ?

૧૯૬૧માં વડોદરાથી ૯૦ કિલોમીટરના અંતરે આવેલા કેવડિયા અને તેની આસપાસનાં પાંચ ગામના લોકોને શિયાળાની વહેલી સવારે ઘેરી ઊંઘમાંથી તુચ્છતાપૂર્વક ઢંઢોળીને જગાડવામાં આવ્યા. એક બુલડોઝરે આવીને કોઠી ગામમાં લોકોના ઉગાડેલા ઊભા પાકને ઉદ્ધ્વસ્ત કરવાનું શરૂ જ કરવા માંડ્યું. ગ્રામજનોને કહેવામાં આવ્યું કે એક હેલીપેડ બનાવવા માટે આવું કરવું આવશ્યક છે (હવે આ 'હેલીપેડ' વળી શું ? તે અંગે સાવ અજાણ એવા લોકોને લાચાર બનાવી દઈ કામ શરૂ જ કરી દેવાયું). કાંઈક કાગળિયાં ધર્યાં ને તેના ઉપર અંગૂઠા પડાવી, સહીઓ લઈ પાકની નુકસાનીની ભરપાઈ કર્યાના નામે કહેવાતું 'વળતર' પણ ચૂકવી દીધું. અને ત્યાર પછી જાન્યુઆરી ૧૯૬૧ની સાલમાં એક વહેલી સવારે 'એક મહાકાય પક્ષી' (!) આવી પહોંચ્યું. તેમાં ત્યારના ભારતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુને તે લઈને આવ્યું હતું. એમણે પહેલાં એક ભાષણ કર્યું; પછી એક બટન દબાવ્યું જેથી નદીની સામે પાર મોટો ધડાકો થયો. તેઓ તો પાછા જતા રહ્યા. આ જે કાંઈ વિધિ થઈ તેની બહુ થોડા લોકોને જાણ થઈ કે તેઓ સરદાર સરોવર યોજનાનું ઉદ્‌ઘાટન કરીને ગયા.

ઉદ્‌ઘાટન વિધિ પાર પડી એટલે પછી છ ગામ – કેવડિયા, વાઘોડિયા, કોઠી, લિમડી, નવાગામ અને ગોરાનાં ૯૫૦ કુટુંબોની ૧૬૦૦ એકર જમીન ગુજરાત સરકારે ખાલસા કરી. આ છયે ગામના લોકો તડવી જાતિના આદિવાસીઓ હતા. તેમને નોટિસ બજાવીને જણાવાયું હતું કે તેમની જમીનો જાહેર હિત માટે ખાલસા કરવામાં આવે છે — જેથી સરદાર સરોવર માટેનો બંધ અહીં બાંધી શકાય, અને તેમને કહેવાયું હતું કે તેમને રોકડ વળતર આપવા ઉપરાંત બંધ વિસ્તારમાં નોકરીઓ આપવામાં આવશે. ત્યાર પછી ૧૯૬૧થી માંડીને ૧૯૬૩ સુધીનાં વર્ષો દરમ્યાન પ્રતિ એકરના રૂ. ૮૦ થી રૂ. ૨૫૦ જેટલી નગણ્ય કિંમતના દરે તેમની જમીનો, બાંધેલાં ઘરો અને જે કાંઈ હતું તે બધું જ ખાલસા કરવામાં આવ્યું હતું. આમ છતાં વધારાનો અન્યાય એ પણ કરવામાં આવ્યો કે આ લોકોને સૂચિત

પ્રયોજનોના અસરગ્રસ્તો (PAP) તરીકે ક્યારેય માન્યતા આપવામાં ના જ આવી.

સરદાર સરોવર યોજના માટે વિશ્વબેંકે લોન આપવા અંગે પૂર્વ તપાસ કરીને લોન મંજૂર કરતાં પહેલાં જે અહેવાલ આપ્યો તે અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું હતું કે ''ઉપરોક્ત છયે ગામના લોકો, જેઓ તેમના કાયમી વસવાટના અધિકારો ગુમાવી રહ્યા છે તેઓને સમગ્ર યોજનાથી જે બીજા લોકો વિસ્થાપિત થવાના છે તેઓના જેટલા જ સમાન વળતરને પાત્ર ગણવા જોઈએ. પરંતુ ગુજરાત સરકારે મચક આપી નહીં.

આખરે જ્યારે મોર્સ કમિટી તેમજ વિશ્વબેંકે ૧૯૯૨ની સાલમાં દબાણ વધાર્યું ત્યારે ગુજરાત સરકારને આ લોકોને વળતર આપવાની ફરજ પડી. હવે તે વળતરનું ધોરણ પ્રતિ એકર રૂ. ૧૨૦૦૦નું ઠરાવાયું ખરું પરંતુ મહત્તમ વળતર રૂ. ૩૦,૦૦૦/-થી વધુ નહીં, ભલે ને જમીન ત્રણ એકર હોય કે દસ એકર ! આ પ્રસ્તાવને ૧૫ વર્ષ વીતી ચૂક્યા પછી જ્યારે જમીનની કિંમત ૫ ગણા કરતાં પણ ઘણી વધી છે તેમ છતાં વળતરનો દર બદલાવ્યો નથી અને યથાવત્ રાખવામાં આવ્યો છે.

કેવડિયા ગામની ખાલસા લીધેલી મોટા ભાગની જમીનને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના કામ માટે કેવડિયા પ્રયોજના કોલોની તરીકે ફેરવવામાં આવી. જો કે લોકો પાસેથી ખાલસા કરાયેલી જમીનમાંની વધતા ઓછા પ્રમાણમાં બિનઉપયોગી જ રહી. હવે, છયે ગામના લોકોએ તો પહેલેથી જ સાવ નગણ્ય ગણાય તેવું વળતર લેવોનો વિરોધ કરી દીધેલો છે. તેમણે તો, જેઓ સરદાર સરોવરને કારણે ડૂબમાં જાય છે તેમજ જેઓ તેવા ડૂબ વિસ્તારમાં રહેતાં હતાં તે બધાને જે લાભો અને વળતર આદિ અપાય છે તેવા જ અધિકારો આપવાનો પોતાનો હક છે, તેવી માંગણી કરેલી છે. આવું કરનારાં જે કુટુંબો છે તેમના ઉપર તો કાનૂની કાર્યવાહી કરી F.I.R નોંધાયા કારણ, તેમણે વળતર લેવાનો વિરોધ કર્યો હતો. વળી, વાત તો એવી પણ છે કે જે કાંઈ જમીનો કબજે લેવાઈ તે તમામને જાહેર હિત માટે લેવાઈ તેવું જાહેર નહોતું કર્યું. આ પ્રયોજના હેઠળના કામ માટે કે બંધના બાંધકામ માટે જમીન ખાલસા કરવામાં આવે છે તેવું તો ઘણાયની જમીન કબજે લેતી વખતે જણાવ્યું ન હતું. ચિમા લાલુ તેમ જ રામા ડાડલાને નર્મદા જિલ્લાના જાહેર બાંધકામ ખાતાએ એવી નોટિસ આપી હતી કે તેમની જમીન ઉપર એક પેટ્રોલ પંપ કરવો છે માટે તે ખાલસા કરવી છે. બીજા એક વાઘોડિયાના ભાઈ પ્રભુભાઈના કિસ્સામાં એવું ગોઠવી દેવાયું કે તેમને ૧૯૮૧



થી 'નર્મદા નિયંત્રણ પ્રાધિકરણ' (આ એ અધિકૃત દફતર છે કે જેને બંધના બાંધકામ અંગેના તમામ વહીવટી અધિકારો સોંપાયા છે)ના દફતરમાં રોજમદાર પટાવાળા તરીકે કામ સોંપીને તેમની જમીન લઈ લેવામાં આવી છે. તેમને બીજો કોઈ વળતરનો અધિકાર અપાયો નથી. આવા ૩૦૦ જેટલા ગ્રામજનો છે જે સ.સ.ન. નિગમમાં કામ પર લેવાયા છે.

કર્મશીલ લેખિકા અરુંધતી રોયે 'મૃગજળ' (THE GREATER COMMON GOOD) નામના મહાનિબંધમાં ૧૯૯૯ની સાલમાં જણાવ્યું છે કે ''કબજે કરવામાં આવેલી મોટા ભાગની જમીનો કોઈ પણ વપરાશ વગર પડતર પડી રહેલી છે. છતાં સરકાર તે જમીનો મૂળ માલિકોને પાછી આપવાનો ઇન્કાર કરી રહી છે. 'જો આજનો જમાનો કેવો આવ્યો છે તે સમજવું જ હોય તો જાવ કેવડિયા કોલોની ! દુનિયા જે દિશામાં જઈ રહી છે તેની ગુરુચાવી ત્યાં ઉઘાડી પ્રાપ્ત છે.' ત્યાં એક દેવીબહેન છે, જેઓ હવે તો વિધવા થઈ ચૂક્યાં છે. તેમની પાસેથી જે ૧૧ એકર જમીન લેવાઈ તે હવે સ્વામીનારાયણ ટ્રસ્ટને આપી દેવાઈ છે. તેના એક ખૂણે નાનકડા ભાગમાં ઉક્ત ટ્રસ્ટ એક નિશાળ ચલાવે છે. ટ્રસ્ટ બાકીની જમીન ખેડે છે. આ બધું ટ્રસ્ટે નાંખેલી તારની વાડમાંથી નૈરાશ્યભરી આંખે દેવીબહેને જોતા રહેવાનો વારો આવ્યો છે. ગામલોકોને ખદેડી નાંખીને ગોરા ગામની ૨૦૦ એકર જમીન કબજે કરી લેવાઈ. અને તેના ઉપર ફ્લેટોવાળાં મકાનો બાંધવામાં આવ્યાં. એ મકાનો ઘણાં વર્ષો સુધી ખાલી પડી રહ્યાં. આખરે એ મકાનો બંધ બાંધવા માટે જેમને કોન્ટ્રેક્ટ અપાયો તે મોટા કોન્ટ્રાક્ટર જયપ્રકાશ એસોસિયેટ્સને સરકારે ભાડે આપ્યાં છે. ગામલોકોના કહેવા પ્રમાણે, કંપનીએ તો ફ્લેટો પેટા-ભાડૂતોને રૂ. ૩૨,૦૦૦ના ભાડે વાપરવા આપ્યા છે. (આ જયપ્રકાશ એસોસિયેટ્સ કંપની કેવળ બાંધકામ કરનારી ગંજાવર કંપની જ નથી એ તો 'સિદ્ધાર્થ કોન્ટીનેન્ટલ' અને વસંત કોન્ટીનેન્ટલ જેવી હોટેલો દિલ્હીમાં ધરાવે છે અને તેમના માલિકોને કહેવાતા વાસ્તવિક રાષ્ટ્ર નિર્માણકામ કરનારાઓ ગણવામાં આવ્યા છે.)

કેવડિયાની દુર્ભાગ્યપૂર્ણ કથાનો અંત અહીં નથી. એ ગામના લોકોનો સંઘર્ષ જીવતો જ રખાયો છે.

## હવે પ્રવેશ : કેવડિયા પ્રવાસન યોજનાનો

વર્ષો પહેલાં બંધ અંગેની પ્રયોજના માટેની કોલોની તેમજ તે અંગેની વહીવટી આવશ્યકતાઓ માટે ૧૫૦૦ એકરનો કબજો સરકારે લીધો ખરો પરંતુ તેમાંની ૧૪૦૦ એકર જમીન વણવપરાયેલી પડી રહી. આટલી બધી જમીન પડતર રહી તેનો

ઉપયોગ શી રીતે કરાય તે વિચારમાંથી જ આ પ્રવાસન યોજના ઊભી કરવાની વાતને ચાલના મળી હોય તેવો સંભવ છે. આદિવાસીઓની ૧૪૦૦ એકર જમીન ઉપર આજે તો સ.સ.ન.નિગમ ગર્વપૂર્વક અધિકાર જમાવી બેઠું છે. તેથી તો ત્યાં પ્રવાસન યોજનાનો પ્રસ્તાવ મુકાયો છે. (તેમની 'વેબસાઈટ' ઉપર તેને 'પર્યાવરણકેન્દ્રી પ્રવાસન' એવું જણાવ્યું છે) એ પ્રયોજના વિષે એમ જાહેર કરવામાં આવ્યું છે કે ''બંધ આસપાસનું જે સ્થળ છે તે જરાયે નંદવાયા વગરનું, નિસર્ગે સર્જ્યું તેવું એના વૈભવપૂર્ણ મહિમાસહિત જળવાયેલું છે. તેથી આ પ્રયોજનાને પરિણામે આ પ્રાપ્ત સમૃદ્ધિ ઉપરાંત ત્યાં નૈસર્ગિક પાર્ક, સુનિયોજિત બાગો હશે, જંગલમાં રખડવા જવાના વિસ્તારો, નૈસર્ગિક પગથિયાઓ, પર્યાવરણ અંગેનું સંગ્રહસ્થાન વગેરે એટલાં સુરમ્ય રચવામાં આવશે કે ત્યાં આવનારાં સહેલાણીઓ તેના લાભો લેતા અહોભાવથી અભિભૂત થશે.

હકીકત તો એવી જાણવા મળે છે કે ઠેઠ ૧૯૯૦ના મધ્યમાં એક સલાહકાર એજન્સીને દલાલી આપવાને ધોરણે આ પ્રયોજના ઘડી કાઢવા રોકવામાં આવી હતી. એ વખતે તો આ પ્રવાસન યોજના કેવળ કેવડિયા કોલોનીના વિસ્તાર ઉપરાંત આખી લાંબી કેનાલનાં ચાર બીજાં સ્થળોએ પણ ખીલવવાની ગણતરી કરવામાં આવી હતી. આ યોજનાના અમલ દ્વારા સરદાર સરોવર યોજના માટે નાણાં ઊભાં કરવા માટેની ધારણા પણ હતી. એ મુદ્દો જ્યારે નર્મદા બચાવ આંદોલન દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે ગુજરાત સરકારે સંપૂર્ણપણે તેનો ઇન્કાર કર્યો છે.

વિવિધ પ્રયત્નોની હારમાળા દ્વારા આ પરિયોજનાની વાત ફરી ઊભી કરાતી રહી છે. સ.સ.ન. નિગમની વેબસાઈટ - www.sardarsarovardam.org - પર જે રજૂઆત છે તે તો હાસ્યાસ્પદ વાચન પૂરું પાડી દે છે : ''આ પર્યાવરણીય પ્રવાસન યોજનાની સંકલ્પના તો એક સહેતુક પ્રવાસની મોજ પ્રાપ્ત કરાવી આપવાને વિચારાઈ છે. આ પર્યાવરણ પ્રવાસનનો મુખ્ય ઝોક પર્યાવરણની ઐતિહાસિક ભૂમિકા અને તેની સંસ્કૃતિ સમજાય તે વિષેનો રહેશે. પ્રાપ્ત પર્યાવરણના સાફલ્યને જરાયે નુકસાન ન પહોંચે તેનું આગ્રહપૂર્વક ધ્યાન રાખવામાં આવશે. ત્યાંના મૂળ રહેવાસીઓને નિસર્ગજન્ય સંપદાનો સારો લાભ લેવા ઉપરાંત આર્થિક ઉપાર્જનની તકો પૂરી પાડવાની પણ કલ્પના રાખવામાં આવી છે. કેવડિયામાં આજે પર્યાવરણીય પ્રવાસન યોજના હાથ ધરાઈ છે તે ચિરંજીવ સંસ્કૃતિ ને વૈજ્ઞાનિક ઢબે પૂરતા આયોજન, સુનિશ્ચિત વહીવટ દ્વારા ખીલવવાની ગણતરીને ધ્યાનમાં રાખીને કરવામાં આવી



છે. આ સમજણપૂર્વકની ભૂમિકા ઉપર જ ગુજરાત પ્રવાસનની ૨૦૦૩-૨૦૧૦ની નીતિ ઘડાઈ છે. તેમાં એક 'વિશ્વગ્રામ' સર્જવાની ધારણા છે. નર્મદા નદીના તટ ઉપર તેમ જ વિસ્તૃત નહેરોના કાંઠે જુદે જુદે સ્થળે અનેક દેશોના નમૂના તૈયાર કરવામાં આવશે.'' એમાં આગળ ઉમેરણ છે કે, ''એનઆરઆઈ (NRI) જે બધાં જુદા જુદા દેશોમાંથી આવશે તેમને તેમના વતન સમાન વાતાવરણ પ્રાપ્ત થતાં આવાં નવાં રચેલાં સ્થળોએ રહેવા મળશે તેથી તેમના મૂળ રહેણાક જેવું આત્મીયતાભર્યું વાતાવરણ મળી જશે !'' શી વિડંબના છે કે ધનવાનોને અને ઉચ્ચવર્ગીય સહેલાણીઓને તેમના ઘર જેવું આત્મીય વાતાવરણ પૂરું પાડવા માટે જે લોકોનું વંશ પરંપરાગત રહેણાકનું સ્થળ છે તેમની પાસેથી તેમનાં ઘરબાર છીનવી લઈ તેમને ભોગે આ સગવડો ઊભી કરવાનો ઈરાદો છે !

સ.સ.ન.નિગમની રજૂઆત પ્રમાણે બંધની નીચેનો પ્રવાહ વિભાગ તો અતિસુંદર હળવી પાનખર ઋતુ ધરાવતું જંગલ, તળાવો, ઘાસિયા જમીનો, જળપ્રવાહો અને ટેકરીઓ તેમ જ ઝરણાઓથી ફેલાયેલો વિસ્તાર છે. ત્યાંની સ્થળાકૃતિનાં ભૌગોલિક લક્ષણો વૈવિધ્યપૂર્ણ લહેરો સમાન છે. તે સ્થળ વનસ્પતિની અનેકવિધ જાતિઓ તેમજ જંગલનાં પશુઓથી વ્યાપ્ત છે. અને તેથી આનંદપ્રમોદ અને નિરાંતભરી આરામદાયી પ્રવૃત્તિઓ માટે મોકળાશ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સ્થળ છે. આવી પર્યાવરણ-કેન્દ્રી પ્રવાસનની યોજના ખાનગી સાહસના સહયોગથી ખીલવવા પાછળ દ્વિવિધ હેતુ છે. એક, મુખ્ય પ્રવાસનું સ્થળ તો વિકસાવવું જ અને સાથે સાથે આ મહાકાય બંધયોજના વિષેની વ્યાપક સમજણ પણ પ્રાપ્ત કરાવી આપવી. સમગ્ર પ્રવાસન યોજનામાં હોટેલો, કોટેજો, અત્યારે પ્રાપ્ત નિવાસસ્થાનો વધુ ઊંચી કક્ષાનાં બનાવવાં, કેમ્પીંગ માટેનાં સ્થળો, વળી આનંદપ્રમોદ માટે વોટરપાર્ક, આરામદેય પાર્ક, વનસ્પતિ સંગ્રહાલય, પર્યાવરણ કેન્દ્રી પાર્ક, તળાવનો વિકાસ, પર્યાવરણ પથો, ગોલ્ફ કોર્સ, મુલાકાતી કેન્દ્ર, યોગ કેન્દ્ર, સભા-સંમેલન કેન્દ્ર આદિ ખીલવવાનું ધારવામાં આવ્યું છે.

પ્રચાર માધ્યમોના અહેવાલો મુજબ ૨૦૦૩ની સાલથી ગુજરાત સરકાર તેમજ નિગમ દ્વારા આ પ્રવાસનની સંકલ્પનામાં જે કોઈને રસ હોય તેવાં ખાનગી સાહસોને આવકારવા માટેના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા હતા. ૨૦૦૪ની સાલમાં જગતભરના મૂડી રોકાણકારોનું જે સંમેલન યોજવામાં આવ્યું હતું તેમાં એક અધિકૃત રજૂઆત 'ભાવિ વિકાસ નહેરોનું પ્રવાસન'એ નામે કરવામાં આવી હતી. નિગમે એક અન્ય રજૂઆત રૂ. ૧૭૦ કરોડના મૂડીરોકાણ દ્વારા 'પર્યાવરણ પ્રવાસન' સ્થળ માટેની પણ કરી હતી.

નર્મદા ડેમ અને તેના આસપાસના વિસ્તારમાં પ્રવાસન પ્રવૃત્તિઓ યોજવા અંગે ગુજરાત સરકારે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરકારોને પ્રસ્તાવ આપ્યો હતો. ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના ૨૦૦૩ના ૧૧મી ઑક્ટોબરના અહેવાલ મુજબ એક આંતરરાજ્ય પ્રવાસન પ્રસ્તાવ બે પડોશી રાજ્યોને ગુજરાત સરકારે મોકલ્યો હતો. મધ્યપ્રદેશની સરકારે જણાવ્યું હતું કે તે અંગે તે સરકારે કોઈ વાંધો લેવાપણું છે નહીં, જ્યારે મહારાષ્ટ્રની સરકારે જણાવ્યું કે આ પ્રયોજનામાં આવક ખર્ચમાં સમાન વહેંચણીની શરતે તે આવકારી શકાય. આ વિસ્તૃત જળસંગ્રહ જે ૧૫૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે અને જેના જળની ઊંડાઈ ૧૦ થી ૧૦૦ મીટર જેટલી રહેલી છે અને સરેરાશ એક કિલોમીટર જેટલી પહોળાઈ ધરાવે છે તેવા જળરાશીમાં તો ઉત્તમ જળઆધારિત રમતગમતો, મોટા જહાજોના ક્રુઝ પ્રવાસો, હોડકાંની સહેલગાઓ, આસપાસની ટેકરીઓ પર ભ્રમણકક્ષો ઉપરાંત આખી નર્મદાઘાટીના જંગલ વિસ્તારમાં પર્યાવરણીય પ્રવાસન ખીલવી શકાય તેમ છે. વધારામાં એ સમાચારમાં એ પણ ઉમેરવામાં આવેલું છે કે આ પ્રયોજનામાં એક વિશેષ લાભ પણ મેળવી શકાય તેવો છે. ગુજરાતના પ્રવાસઘેલા લોકોને પડોશનાં બે દારૂબંધી મુક્ત એવાં રાજ્યોમાં પ્રવાસે જવાથી મુક્તપણે શરાબ પીવાની સરળતા પણ મેળવી આપી શકશે. સપ્ટેમ્બર ૨૦૦૩માં દુનિયાભરના જાગતિક રોકાણકારો માટે યોજાયેલા 'વાઇબ્રંટ ગુજરાત'ના સંમેલનમાં પણ આ પ્રસ્તાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સ.સ. નર્મદા નિગમ દ્વારા પર્યાવરણ આયોજન અને ટેકનોલોજી કેન્દ્ર (CEPT)ને એક માસ્ટર પ્લાન બનાવવાનું ૨૦૦૪માં સોંપવામાં આવેલું. CEPTએ અગિયાર અંગો ૧૭૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. નિગમના નાયબ મેનેજર શ્રી મનીષ વર્માજીએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે ''કોઈપણ બજારુ બિલ્ડરો આવીને ફાવે તેવાં બાંધકામો આદિ ઊભાં કરે તેવું ન થવા દેવા માટે અમે આ વિકાસયોજનાનું આયોજન કરાવ્યું છે. CEPT દ્વારા જે આયોજન અપાયું છે તેનું ચુસ્તપણે પાલન કરાવવાનો આગ્રહ આ વિસ્તારના વિકાસ માટે રાખવામાં આવશે. (૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૪ના TOIનો અહેવાલ)

''કેવડિયા, આવતીકાલની દુનિયાનું પ્રવાસન સ્થળ'' નામની પુસ્તિકા નિગમે પ્રગટ કરેલી છે. તેમાં અગિયારે અગિયાર અંગોની વિગત તેમજ તેમાં વપરાવામાં આવનાર વિસ્તાર અને ખર્ચ અંગેની નોંધ પૂર્ણરૂપે આપેલી છે.



| ક્રમ | પ્રયોજનનાં અંગો | વિસ્તાર (હેક્ટરમાં) | મૂડીરોકાણ પ્રતિ દશ લાખ સંભવિત |
|---|---|---|---|
| ૧. | વોટરપાર્ક અને હોટેલો | ૩૫ | ૧૦૦ |
| ૨. | ગોલ્ફકોર્સ અને હોટેલો | ૮૦ | ૩૦૦ |
| ૩. | વોટરપાર્ક, ગોલ્ફકોર્સ, અને હોટેલો | ૧૧૦ | ૪૦૦ |
| ૪. | વનસ્પતિ બાગ; બંગલીઓ; કેમ્પીંગ માટે મેદાન | ૨૦ | ૪૦ |
| ૫. | પર્યાવરણપાર્ક, બંગલીઓ અને ફરવાના સ્થળે પગથીઓ | ૪૦ | ૫૦ |
| ૬. | પર્યાવરણપાર્ક અને બંગલીઓ | ૨૦ | ૪૦ |
| ૭. | બંગલીઓ, વન્ય પશુઓ માટે સુરક્ષિત વિસ્તાર અને કેમ્પીંગ તેમજ પગથીઓ | ૭૦ | ૭૦૦ |
| ૮. | બોટીંગ માટેના ઓવારા | ૩ | ૩ |
| ૯. | દશ્ય સ્થાનકો; સૂર્યાસ્ત દર્શન સ્થાન | | ૩ |
| ૧૦. | મુલાકાતી કેન્દ્ર | ૧૨૫૯ ચો.મીટર | ૧૦ |
| ૧૧ | હયાત હોટેલોની સ્તર સુધારણા | ૭૭૦૦ ચો.મીટર | ૪૦ |

ગાંધીનગર સ્થિત નિગમના મુખ્યાલયમાંથી આ અંગેની માહિતી પુસ્તિકા ખરીદનાર સંભવિત રોકાણકારોને ત્રણ દિવસની કેવડિયા બંધ વિસ્તારની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા (૨૭મી ઓગસ્ટ ૨૦૦૪ના ઈન્ડિયન એક્સપ્રેસ). આ પ્રવાસના પરિણામે ખાનગી રોકાણકારોમાં આકર્ષણ ઊભું થયું એવો અણસાર પ્રાપ્ત થાય છે. મુંબઈના શેરબજારના દફ્તરને BSEL - INFRA STRUCTURE REALITY LTD. નામની કંપનીએ જે કામો હાથ ઉપર લેવાની જાણકારી પૂરી પાડી તેમાં જણાવ્યું હતું કે, ''ગુજરાતના કેવડિયા વિસ્તારમાં ૨૫૦૦ એકરમાં ફેલાયેલા વિસ્તારમાં એક સ્વર્ગ સમાન યોજનામાં રોકાણ કરવાનો વિચાર કરેલો છે. આ પ્રયોજના દ્વારા ટુરીઝમની સગવડ અને તે દ્વારા સહેલાણીઓની કલ્પના મુજબની તમામ અપેક્ષાઓ પૂરી પાડવાનો હેતુ છે. તેમાં ખેતી, મંદિર, આરોગ્ય કેન્દ્ર, રેસ્ટોરાં, ડિસ્કો જેવી પ્રવૃત્તિઓ માટેની સુવિધાઓ ઉપરાંત રહેણાકનાં તેમજ બજાર માટેનાં સંકુલો વિકસાવવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ

પ્રયોજનામાં આવાસીય શાળાઓ, આંતરરાષ્ટ્રીય આવાસી શાળા, હોટેલો, રીસોર્ટો, કલબો, કુટુંબો માટેના આનંદ પ્રમોદનાં કેન્દ્રો, વનસ્પતિ ઉદ્યાન, વોટરપાર્ક, સ્પોર્ટસ્‌ની સુવિધા આદિ પણ પૂરાં પાડવાની ગણતરી રાખવામાં આવી છે. આ સમગ્ર પ્રયોજના તબક્કાવાર ખીલવવા ધારીએ છીએ. ( મુંબઈ સ્ટોક એક્સચેંજ : BSEL માળખાકીય વાસ્તવિકતા આધારિત [BSEINF] by સર સેન્દુ બાસુ. http//content : icicidirect.com/pickofweek.asp?id=246

ઇંગ્લાંડમાં રહેતા એક આપ્રવાસી ભાઈએ 'તળાવ ફરતેની ટ્રેન સહેલગાહ' શરૂ કરવામાં રસ છે એમ જણાવ્યું છે. આ સહેલગાહ દ્વારા તેમણે એમ પણ રજૂઆત કરી છે કે ''કેવડિયાની ચોતરફ જે હરિયાળું વાતાવરણ પ્રાપ્ત છે તે વિસ્તારને ફરતી ટ્રેનની સફર કરાવવાનું ગોઠવી દેવાશે. (TOIનો ૧૧મી જાન્યુઆરી ૨૦૦૫નો અહેવાલ) શ્રી રાજેન પટેલ જેઓ હાલ લંડનના કિંગ્સબરી વિસ્તારમાં રહે છે તેમણે એવો પ્રસ્તાવ આપ્યો છે કે, ''કેવડિયા વિસ્તારમાં ૨૨ કિ.મી.ની રેલ લાઈન સર્જીને હળવા પ્રવાસની સગવડ ઊભી કરી શકાય તેમ છે. આ માટે ભારતસ્થિત બે પ્રવાસન કંપનીઓ, શ્રીનાથ ટ્રાવેલ્સ અને શિવમ્‌ ટ્રાવેલ્સ તેમને સહાયભૂત થઈ શકશે. આમ, ત્યાં હોટેલો, ભોજનાલયો અને વાહનવ્યવહારની, એટલે કે સહેલગાહ માટેની તમામ વૈશ્વિક કક્ષાની સગવડો ખીલવી દેવા માટેના સમજૂતી કરારો મેં ગુજરાત સરકાર સાથે કરી લીધા છે. આ યોજના માટે સરકાર અમને ૫૦ વર્ષના પટે જમીન આપે તેવી અપેક્ષા છે.'' હવે, વાસ્તવિક સ્થિતિ એ છે કે ત્યાંની જમીન ૩૫ વર્ષ માટે જ પટે આપી શકાય તેમ છે. તેવા પટે આપેલી જમીન પરના વ્યવહારમાં મનોરંજન કર અને વેચાણવેરો બન્નેમાંથી મુક્તિ આપી શકાય તેમ છે. શ્રી પટેલની ધારણા છે કે તેઓ દશ વર્ષના સમયગાળામાં આ ટ્રેન અંગેની યોજના તૈયાર કરી દઈ શકશે.

ઉપર જે કાંઈ માહિતી પ્રાપ્ત થઈ છે તેની આખી કલ્પનામાં કોઈક મોટો ફેરબદલ વિચારાઈ રહ્યો હોય તેવો અંદાજ કરવો પડે તેમ છે. આ અંગે નીચેના મુદ્દા ધ્યાન પર લઈએ. પ્રવાસન અંગેના ભૂતપૂર્વ એક્ઝીક્યુટીવ એન્જિનિયર શ્રી આર. વી. ગજ્જરે એમ જણાવ્યું કે ''પ્રવાસન અંગેનો માસ્ટર પ્લાન તો વડોદરા શહેરી વિકાસ નિગમ તેમજ ગાંધીનગરના શહેરી વિકાસના મુખ્ય અધિકારીશ્રીના બેચ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. હવે તે યોજના માટે વડોદરા શહેરી વિકાસ નિગમ અને તેના એન્જિનિયરો દ્વારા એક આખરી મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. આ મુસદ્દો યોજનાનો અમલ કરનારી મુખ્ય કચેરી સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે જેને વહેલી તકે મંજૂર કરી દેવામાં આવનાર છે. જ્યારે બીજી તરફ આ યોજના



અને માસ્ટર પ્લાન અંગે કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ તે અંગે નિગમે રચેલી પ્રવાસન માટેની નવી સમિતિના ઉચ્ચ અધિકારીઓ મોઢે તાળાં મારીને બેઠા છે. તેઓ ન તો જાહેર હરાજી વિષે, કે ન તો યોજના વિકસાવવામાં રસ ધરાવનારી વ્યક્તિઓનાં નામો આપવા અંગે માહિતી પૂરી પાડવા માંગે છે. અત્યારે તો અંતિમ સ્થિતિ આ પ્રવાસન સંકલ્પનાની શી છે તે જાણવું એટલા માટે શક્ય રહ્યું નથી કારણ કે આ વિષયની માહિતી જાહેર જનતાની જાણકારી બહારની ગણાવી દેવામાં આવી છે.

શહેરી વિકાસની નોંધણી અને વિકાસનીતિ અંગેના અધિકારી કે જેઓ કેવડિયા પ્રવાસન માસ્ટર પ્લાનના સંયોજક પણ છે તેવા અધિકારી શ્રી પી.વી.કે. રામેશ્વરે જે માસ્ટર પ્લાન રજૂ કર્યો છે તે નિગમને બતાવવા તૈયાર એટલા માટે નથી કે તેમનું કહેવું છે કે, ''તેમ જાહેર કરવાથી અમે જે શરતથી આ ગ્રાહક સાથે બંધાયા છીએ તેનો ભંગ થાય તેમ છે.'' શ્રી રામેશ્વરના કહેવા મુજબ નિગમે અમારી પાસે જે અપેક્ષા કરી છે તે તો આ પ્રયોજનાના વિસ્તારને સૌંદર્યભર્યું-વૃંદાવન ગાર્ડન (માયસોરના જેવું) તૈયાર કરવા પૂરતી જ વાત છે. તેથી અમે આખી યોજના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને ઘડી છે. જેમાં જમીનનો પ્રકાર, જમીન પ્રાપ્ત થવા અંગેની શક્યાશક્યતા, જળસ્તર, આર્થિક આવશ્યકતાઓ અને વહીવટી પ્રશ્નો આ બધા આયામો અંગે જે કદમો ભરવાં પડે તે ધ્યાનમાં લઈને રજૂઆત કરી છે. તે સ્થળ પરની જમીનની અનુકૂળતાનો સંદર્ભ ધ્યાનમાં રાખીને ત્યાં કરવા અંગેનાં બાંધકામો વિષે માર્ગદર્શન આપ્યું છે. ત્યાંની જમીન તો બધી નિગમના કબજામાં છે તેથી ખાનગી સાહસે જાહેર સાહસ સાથે સંયુક્ત રીતે ભેગા મળીને જ આ પ્રવાસન પ્રયોજના ખીલવવી જોઈએ તેમ સૂચવ્યું છે. આ પ્રયોજના (CEPT દ્વારા) એવી રીતે ઘડી છે કે જે જમીનોમાં કોઈ વિવાદ નથી ત્યાં જ ખીલવવી અને છ ગામોની જે જમીન અંગેની કાનૂની સ્થિતિ છે તેને ક્ષતિ ન પહોંચાડવી. ઉદ્યોગો અંગે જે પ્રાપ્ત સમજણ છે તેને નવતર દૃષ્ટિથી જોવાનો અમે પ્રયત્ન કર્યો છે. તેથી તે યોજનામાં ફૂલોની ખેતી ખીલવવી, વનપેદાશો માટે અનુકૂળતાઓ ઊભી કરવી, આ ઉપરાંત વન્ય પ્રાણીઓ માટે અભયારણ્ય, રક્ષિત જંગલોની જાળવણી, તંબુઓ અને કેમ્પ માટેનાં સ્થળોનો રખરખાવ થાય તેવી વિકાસપ્રક્રિયાની અમે તરફેણ કરેલી છે. જો નિસર્ગ ન સચવાય તો આ પ્રવાસનની વાતને ભૂલી જવી. અને તેમાંથી પૈસા કમાવાની વાતનો પણ અંત જ ગણવો.'' આવા શબ્દો સાથે શ્રી રામેશ્વરે સમાપન કર્યું હતું. આ CEPT એજન્સીનો બહુ વિસ્તૃત વિકાસ યોજના કરવાનો અને કેવળ એક કોન્ટ્રેક્ટ દ્વારા કામ પાર પાડવા

વિષે વિરોધ હતો. આ આખા માસ્ટર પ્લાનમાં એક નિગરાની સમિતિ રાખવાનો પણ પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. આ પ્લાનમાં એથીય મહત્ત્વનો મુદ્દો તો એ પણ હતો કે સમગ્ર સંરચનામાં હવે પછી જે કાંઈ કરવામાં આવે તેમાં સ્થાનિક ગ્રામજનોને સાથે લેવાની વાત પણ સમાવવામાં આવી હતી. વળી, CEPT એજન્ટોએ યોજનાને અમલમાં લાવવા માટે આ અંગે સરકારી જાહેરનામા દ્વારા એક ખાસ અધિકૃત વિકાસ પ્રાધિકરણ રચવાની ભલામણ કરી હતી.

આ મુસદ્દો રજૂ કર્યા પછી CEPT એજન્ટોએ બે એક બેઠકો નિગમ સાથે કરી હતી. નિગમની અધિકૃત વ્યક્તિઓને શ્રી રામેશ્વરે એમ જણાવ્યું હતું કે હવે પછી આ યોજના અંગે જે કાંઈ વિચારણા કે નિર્ણયો થાય તે અંગે તેઓને જાણકારી આપતા રહેવી જેથી આ માસ્ટર પ્લાન મંજૂર થાય અને તેનો અમલ કરવાની બહાલી મળે ત્યારે તેઓને આવતી જવાબદારીઓ પાર પાડવાને યોગ્ય પગલાં લઈ શકે. આ વિષય વિષે CEPT ની સાથે બે વર્ષ થયાં પણ કોઈ વાત જણાવાઈ નથી.

આ અંગે નિગમના અધ્યક્ષ શ્રી પી. કે. લાહીરીનો અભિપ્રાય જાણવા પ્રયત્ન કર્યો ત્યારે કેવડિયાની કથાને તેમણે જુદો જ વળાંક આપ્યો. આ CEPTને તો એક મુસદ્દો ઘડવાનું સોંપવામાં આવ્યું હતું. તેમનાં સૂચનો કે પ્રસ્તાવ સ્વીકારવા કે નહીં તેનો નિર્ણય નિગમ કરશે. 'અમે તો હવે તેમણે (CEPT) એ મુસદ્દામાં જે સૂચનો આપ્યાં છે અને ટીપ્પણીઓ કરી છે તેને ધ્યાનમાં લઈને જ આગળ વધી રહ્યા છીએ. હવે એ માસ્ટર પ્લાનને વડોદરા તેમજ ગાંધીનગરના શહેરી વિકાસ આયોજકો છેવટનું સ્વરૂપ આપી રહ્યા છે.

આ પ્રયોજનાનું લક્ષ્ય કેવડિયા તેમ જ તેની આસપાસના વિસ્તારનો સમગ્ર વિકાસ કરાવવાનું છે. વળી, તે વિકાસ લોક-ભાગીદારીથી પણ કરવાની ગણતરી છે એવું શ્રી લહેરીનું કહેવું હતું. આ પ્રયોજના સક્ષમ હશે, સલામત હશે, આરામદેયી હશે અને શૈક્ષણિક કક્ષાની હશે. ''અહીં જે સહેલાણીઓ આવશે તેઓ ઘણી નવી જાણકારીઓ તેમજ મધુરી યાદગાર સ્મૃતિઓ લઈને પાછાં ફરશે.'' દર વર્ષે આ સરદાર સરોવર બંધ વિસ્તારની મુલાકાત લેવા ઓછામાં ઓછા દોઢ લાખ લોકો આવતા હોય છે, તે જ આ પ્રયોજના માટેની આર્થિક સફળતાનો આધાર છે (૨૦૦૪ની માહિતીના આધારે).

શ્રી લહેરીના આ નિવેદનને કારણે ઘણા બધા પ્રશ્નો પૂછવા જેવા થાય છે. પેલા CEPT એ કરેલા પ્લાનનું શું થયું ? શું તે પ્લાન કચરાની ટોપલીમાં



નાંખવામાં આવ્યો ? શા કારણોસર ૨૭ નવેમ્બર ૨૦૦૬ને દિવસે પ્રયોજના અંગેના ટેન્ડરો (બોલીઓ) ખોલવાની પ્રક્રિયા પ્રારંભ કરવાનો દિવસ ફરી ફરી ટાળવામાં આવી રહ્યો છે ?

જે જમીનો જાહેર હિત માટે ખાલસા કરવામાં આવી છે તે જમીનો નિગમ ક્યા અધિકારથી ખાનગી સાહસકારોને બોલી બોલવાને/કોન્ટ્રેક્ટ લેવાને આમંત્રી શકે ? કે પછી નિગમે આ કાનૂની બંધનનું ઉલ્લંઘન કરવા માટે કોઈ પ્રયુક્તિ શોધી કાઢી છે ?

અહીં કેવડિયા અંગેનાં વધુ રહસ્યો ખુલ્લાં પડે છે.

## કેવડિયા વિસ્તાર પ્રાધિકરણ

એ વાતની જાણકારી ઘણા થોડા લોકોને થયેલી છે કે ગુજરાત રાજ્યના શાસનનાં અંગો શહેરી વિકાસ અને શહેરી રહેણાક વિભાગના ક્રમાંક GH/V/112, 2005/VDA-112004-8027-V દિનાંક ૨૯-૧-૨૦૦૫ના જાહેરનામાથી કેવડિયા વિસ્તાર પ્રાધિકરણની સ્થાપના કરવામાં આવી છે. આ કાડા (KADA) પ્રાધિકરણને નિગમને હસ્તક જે જમીનો મૂકવામાં આવી છે તે જમીનો અંગે ઉપરોક્ત જાહેરનામા અન્વયે વહીવટ કરવાનો તેમજ લવાદી કરવાનો અધિકાર સોંપવામાં આવ્યો છે. ૨૭મી ડિસેમ્બર ૨૦૦૬ના બીજા જાહેરનામા મુજબ 'કાડા'ના સભ્યો નક્કી કરવાનો અધિકાર નિગમને સોંપવામાં આવ્યો અને તેમ કરીને 'કાડા' ઉપર નિગમનો કાબૂ જાળવવાનું ગોઠવી દેવાયું. આ અંગેના જાહેરનામા ક્રમ : GH/V/324, 2006/ VDA-112004-8027-Vથી નવ સભ્યોની નિમણૂક કરી અને નિગમના અધ્યક્ષને તેના પ્રમુખ તરીકે નીમવામાં આવ્યા. સમિતિના અધ્યક્ષ સિવાયના સભ્યોમાં પ્રધાન શહેરવિકાસ પ્રયોજક, વહીવટી નિયામક, ગુજરાત પ્રવાસન કોર્પોરેશનના કમિશ્નર, સરદાર સરોવર પુનર્વસન કચેરી, નર્મદા જિલ્લાના પંચાયત પ્રમુખ, લિમડી અને ગોરા ગામના પંચાયત પ્રમુખો, અનુપ દવે, અમદાવાદ અને કેવડિયા કોલોનીના વહીવટદાર આ બધાયની સભ્યો તરીકે નીમણૂક કરવામાં આવી છે. આવી સંરચના કરીને 'કાડા'ને જે જમીનો ઉપર અધિકાર સોંપાય તે જમીનો અંગે ખાલસા કરેલી જાહેર હિતની જમીનો વિષે જે વિવાદ ઊભો થઈ શકે તે દબાવી દેવાનો ખેલ ગોઠવ્યો હોય તેમ સમજાય છે. કારણ 'કાડા'ના પ્રમુખ તરીકે તો નિગમના અધ્યક્ષને નીમવામાં આવ્યા છે, જેથી ઉક્ત જમીનો પરનો નિગમનો અધિકાર યથાવત્ સચવાયો છે તેમ પણ ગણી લઈ શકાય તેમ છે.

હવે જાન્યુઆરી ૨૦૦૫માં 'કાડા'ની સ્થાપના કરી એટલે કેવડિયા,

વાઘોડિયા, લિમડી, કોઠી ગામના લોકોની જમીનો તેમ જ રહેણાકો ખાલસા કરવાની ધમકીઓ ફરી શરૂ કરી દેવાઈ. અને ગામલોકોને જણાવ્યું કે જે કાંઈ વળતર (નજીવું સ્તો !) આપવામાં આવે છે તે લઈને અહીંથી જતાં રહો, નહીં તો તમને બળજબરીથી ઉખેડીને ભગાડી દેવામાં આવશે. નટવરભાઈ ભાઈજી તડવી અને ચંદુભાઈ મગનભાઈ તડવી બે ઘરમાલિકોનાં કેવડિયાસ્થિત ઘરો ૫મી મે ૨૦૦૫ને દિવસે ધોળે દહાડે બુલડોઝરથી ઉદ્‌ધ્વસ્ત કરવામાં આવ્યાં. આ જે મકાનો તોડી પાડવામાં આવ્યાં ત્યાં એવી દુકાનો હતી જ્યાં સરદાર સરોવર પ્રયોજનામાં કામ કરનારા અધિકારીઓ તેમજ મજૂરોને ખપમાં આવે તેવી વસ્તુઓ આદિ વેચાતાં હતાં. એ દુકાનો શ્રી નટવરભાઈની જમીન ઉપર બંધાયેલી હતી. ઉપર જણાવેલ બન્ને વ્યક્તિઓ કેવડિયાના મૂળ વતનીઓ છે. તેમના ઉપર ૧૯૬૧ની સાલમાં નોટિસ બજાવીને તેમના ઊભા પાક સાથે જમીનો ખાલસા કરવામાં આવી હતી.

નિગમના અધ્યક્ષ તેમ જ વહીવટી નિયામક શ્રી પી. કે. લહેરીના જણાવ્યા મુજબ, '' 'કાડા' યોજનાના વિસ્તારમાં નર્મદા નદીના જમણા કાંઠાનાં અગિયાર ગામો અને ડાબા કાંઠાનાં પાંચ ગામો સમાવવાનાં છે.'' તેમની એવી સમજણ છે કે નિગમની  જવાબદારી આ અસરગ્રસ્ત સોળ ગામના લોકોને માળખાગત વ્યવસ્થા તેમ જ રોજગારની તકો પૂરી પાડવાની હોઈ તે જવાબદારી 'કાડા' રચવાથી પૂરી કરી શકાશે કારણ, ત્યાં પ્રવાસન પ્રયોજના નિર્ધારી છે. નિગમની સમજણ મુજબ એપ્રિલ ૨૦૦૮માં 'કાડા'ની વિધિવત્ સ્થાપના કરવામાં આવનાર છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ પ્રાધિકરણે રૂ. ૨૫ લાખ આ ગામોનો સર્વે કરવા માટે નિગમને આપ્યા છે. શ્રી લાહીરીએ ઉમેર્યું હતું કે, ''સૂચિત વિસ્તાર સહેલાણીઓ માટે ઘણો આકર્ષક બની જ ચૂક્યો છે કારણ, હમણાં અમારા નજીક આવેલું રાજપીપળા શહેર પ્રાદેશિક ફિલ્મોના શૂટીંગ માટે ઘણું આકર્ષક બની ચૂક્યું છે !''

આમ છતાં શ્રી લહેરીએ જણાવ્યું કે તતઃપૂરતું તો બોલીઓ બોલાવવાનો કાર્યક્રમ રોકવામાં આવ્યો છે. જો કે એવું પણ ઉમેરવા તેઓ ઉતાવળા થયા કે ૨૦૦૭ની સાલના અંત સુધીમાં બધું યથાયોગ્ય પાર પાડી દેવામાં આવશે. એ પણ ખરું કે અધ્યક્ષશ્રીએ જે સંભવિત ખાનગી સાહસો જે વિકાસપ્રક્રિયા માટે પસંદગી પામી ચૂક્યા છે તેમનાં નામો આપવા સ્પષ્ટ નકાર ભણ્યો હતો. કેવડિયા ગામ લોકોમાં તો આમ છતાં ખુલ્લેઆમ કહેવાતું હતું કે મુંબઈસ્થિત BSEL બાંધકામ કંપની આમાં જોડાઈ છે. તે કંપની દ્વારા કેવડિયાને વડોદરા સાથે જોડનારા મુખ્ય માર્ગ ઉપર એક વૈભવી હોટેલ બાંધવાનું ચાલુ કરી પણ દેવાયું છે, જેનું નામ 'નર્મદા નિહાર' રખાયું છે.



**'નર્મદા નિહાર'**

**કુલ જમીન વિસ્તાર ૬,૦૩,૦૦૦ ચો. ફૂટ**

**બે તબક્કાના વિકાસનું આયોજન : વ્યાપાર-ધંધા અને નિવાસ. વ્યાપારિક વિભાગમાં દુકાનો, આનંદપ્રમોદ અંગેની વ્યવસ્થાઓ અને રેસ્ટોરાં સમાવાશે. સમગ્ર યોજનાનો ખર્ચ : રૂ. ૨૫ કરોડનો.**

સંદર્ભ 'કેવડિયાના આદિવાસી વિસ્તારને શહેરી રંગ' જાન્યુઆરી ૨૦૦૮નું 'ઇન્ડિયન એક્ષપ્રેસ' http//www.expressindia.com/latest.news/kevadias-tribal-area-to-get-urban-colours/260664/

**યોજના દ્વારા આવક = રૂ. ૫૦ કરોડ**

**પ્રારંભ : જૂન ૨૦૦૬ અને પૂર્ણ જૂન ૨૦૦૭**

અમારી કંપનીએ ત્યાં, તમામ સુવિધાઓ ધરાવતા રહેણાકના એપાર્ટમેન્ટ, ઊંચી કક્ષાની અને વળી કિફાયત ધોરણની હોટેલો, નિવાસ અંગેની વ્યવસ્થાઓ, છૂટક વેચાણની અને ખાણીપીણીની સગવડો, આનંદપ્રમોદનાં સાધનો વગેરે ગોઠવવાનું આયોજન કરી દીધું છે. આ સગવડોમાં એવી વાતો પણ ઉમેરવાની ગણતરી છે કે જેથી ત્યાંની 'ભૂમિ'ને અનુકૂળ એવાં ભોજનાલયો, ઇન્ડોર રમતનાં નિયત સ્થાનો, તરણકુંડ, વ્યાયામશાળા, ક્રિડાંગણો, હસ્તકળા માટેનું બજાર, સ્થાનિક પરંપરાયુક્ત સાધનો - ચીજવસ્તુની દુકાનો, મોટર ગાડીઓની જાળવણીના પાર્ક, ડીશ એન્ટેના, ઇત્યાદિ અનેક જરૂરિયાતો પૂરી પાડવાનું ગોઠવવામાં આવશે.

**BSEL : કંપનીનો કુલ વહીવટ/વ્યાપાર :-**

BSEL કંપની માળખાગત સુવિધાઓ નિર્માણ કરનારી એક પેઢી છે. (BSENIF) મંગળવાર ફેબ્રુઆરી ૧૨મી ૨૦૦૮ની સાંજે ૧૭.૧૨ ભારતીય સ્ટા.ટાઈમ મુજબ શ્રી સેન્દુ બસુ http://content.icicidirect.com/pickofweek.asp?id=246

**BSEL**

માળખાગત સુવિધાઓ નિર્માણ કરનારી પેઢીને ૧૯૯૫ની સાલમાં 'બેલ સાઉથ સાહસ લિમિટેડ' તરીકે સ્થાપવામાં આવી હતી. પછી

તે પેઢીનું નામ ૧૯૯૮ની સાલમાં BSEL ઇન્ફોર્મેશન સિસ્ટીમ્સ તરીકે ફેરવીને વિવિધ પ્રકારની IT સેવાઓ આપનારી બનાવવામાં આવી હતી. પછી ૨૦૦૩ના ઓગસ્ટ માસમાં તેને ફરી અગાઉનું નામ BSEL આપીને, માળખાગત સુવિધાઓ નિર્માણ કરનારી જાહેર કરીને આ માળખાગત કામો વિકસાવવા માટેના ઉદ્દેશવાળી બનાવી દેવામાં આવી. ભારત સરકારની ઉદારીકરણની નીતિના પરિણામે મુક્તબજારની વાતો દ્વારા માળખાગત વિકાસ કરવાની વાતોને બળ મળ્યું. તેમાં (પૈસા) રોકાણકારો જોડાઈને પોતાનો ફાળો આપી નવી વિકાસ અંગેની નીતિ દ્વારા લાભો લેવા આકર્ષાયા. આમ BSEL પેઢીએ આ માળખાગત વિકાસને પોતાની વ્યાપારી પ્રવૃત્તિ તરીકે ગોઠવી દીધો.

તેમના આયોજન હેઠળની મુખ્ય પ્રયોજનાઓ

BSEL ટેકનોલોજી પાર્ક વાશી, મુંબઈ (મહારાષ્ટ્ર)
આંતરરાષ્ટ્રીય ઇન્ફોર્મેશન ટેકનો. પાર્ક, વાશી, નવી મુંબઈ (મહારાષ્ટ્ર)

કેવડિયા પ્રોજેક્ટ ગુજરાત *
પામબિચ પેરેડાઈઝ, નેરુલ ગોલ્ફ કોર્સ, નવી મુંબઈ. (મહારાષ્ટ્ર)

* નિગમ તેમજ ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેન્ડર દ્વારા ડેમ પછીના નદીના તટે આવતી ૧૪૦૦ હેક્ટર જમીન જાગતિક કક્ષાની પ્રવાસન સુવિધાઓ ઊભી કરવા માટે ઓગસ્ટ ૨૦૦૪ની સાલમાં રજૂ કરવામાં આવી અને તે માટે રસ ધરાવનારઓને (EOI) માંગણીઓ મૂકવાનું સૂચવવામાં આવ્યું.

તેવો અપેક્ષિત વિકાસ કરી આપવાની જવાબદારી લેવા માટેની અરજી BSEL પેઢીએ કરી છે. આ અંગેની માહિતી પુસ્તિકા રજૂ થઈ અને નિગમે સકારાત્મક પ્રતિભાવ આપ્યો એટલે આ ટેન્ડર રજૂ કરવાની પ્રક્રિયા ટૂંકમાં શરૂ થવાનું સામે આવ્યું. આમ, કેવડિયા (ગુજરાત)માં નિગમે તેમજ ગુજરાત સરકારે જે પ્રયોજના પ્રસ્તુત કરી છે તેમાં ઉત્સાહપૂર્વક જોડાવાનો આગ્રહ ધર્યો છે. ઉક્ત પ્રયોજનામાં નિવાસી શાળાઓ, આંતરરાષ્ટ્રીય કક્ષાની નિવાસી શાળાઓ, હોટેલો, રીસોર્ટ, કલબ હાઉસ, આનંદપ્રમોદનાં કેન્દ્રો, વનસ્પતિજતન બાગો, જળખેલકૂદ (Water) કેન્દ્રો આદિ પ્રવૃત્તિઓ નિર્માણ કરવાનું



સમાવવામાં આવ્યું છે. આ પ્રકારનાં અનેકવિધ આકર્ષણો ઊભાં કરવાનું જે ચલાવાયું છે તે દ્વારા ૨૦૦૫-૨૦૦૬ના ગાળામાં કંપનીને ઘણી મહત્ત્વની તકો પ્રાપ્ત થશે તેવી ધારણા છે કારણ કે, તેમ કરવાથી આ એક વિશિષ્ટ કક્ષાની માળખાગત સુવિધાઓ નિર્માણ કરનારી પેઢી તરીકે પ્રસ્થાપિત થવાને આગળ વધી જશે.

૧૮મી જૂન ૨૦૦૬ના દિવસે BSEL માળખાગત પેઢીને કેવડિયા ગામની હદમાંની ૬ હેક્ટર જમીન, ‘નર્મદા નિહાર’ નામની બાદશાહી આરામદેયી હોટેલ નિર્માણ કરવા માટે આપી દેવામાં આવી. ૧ કરોડ ને ત્રીસ લાખ રૂપિયા પેટે ૩૦ વર્ષના પટે આ જમીન અપાઈ. ત્યાર પછી તે જમીનનો કબજો મેળવવા માટે કેવડિયા કોલોનીના વહીવટી અધિકારીશ્રી એક મોટા પોલીસના દળને લઈને ત્યાંનાં અડધો ડઝન નિવાસી આદિવાસી કુટુંબોને જબરજસ્તીથી હટાવવાને આવી પહોંચ્યા જેથી તે જમીન પર હોટેલનું બાંધકામ શરૂ કરી શકાય. ગ્રામજનોએ વિરોધ કર્યો અને તેમની સાથે આસપાસના ગ્રામજનો પણ જોડાયા. આવેલા અધિકારીઓને પ્રસંગની ગંભીરતા સમજાઈ અને દેખાયું કે કાયદો ને વ્યવસ્થાના મોટા પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે તેથી વધુ પગલાં તો ન ભર્યાં પરંતુ કહેતા ગયા કે આ લોકોએ જમીનનો કબજો સવેળા જાતે જ આપી દેવો હિતાવહ ઠરશે કારણ કે તેમની જમીનો તો ક્યારનીયે ખાલસા કરી દેવાયેલી જ છે.

આ જે જમીનો કબજે લેવાની ગણતરી છે તે જમીનો તબક્કાવાર સરકારના ઉપયોગ માટે હસ્તગત કરવામાં આવી હતી. ત્યાં એક ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર સ્થાપવા, એક મધ્યમ કક્ષાની સરકારી શાળા છાત્રાલય સહિતની કરવા, સરકારી કર્મચારીઓના રહેણાકનાં મકાનો અને ખેતી માટે ઉપયોગમાં લેવાની હતી. હવે, ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, શાળા અને કર્મચારીઓના નિવાસો માટેનાં મકાનો તોડી પાડીને બાંધકામ શરૂ કરવામાં આવ્યું. તેમ કરવા જતાં શાંતિલાલભાઈનું ઘર અને તેને ફરતી જમીન આ સ્થળના ઘેરાવામાં સપડાઈ ગયાં. તેઓ હજી ત્યાં જ રહે છે. BSEL પેઢીએ તેમને એક ઘર બાંધી આપવાનું વચન આપ્યું છે. પરંતુ ગ્રામજનો કંપનીને જે જમીનો લેવી છે તે આપી દેવા તૈયાર નથી. આજદિન સુધી તે અંગેનો વિરોધ ચાલુ જ રહ્યો છે. આ અહેવાલ રજૂ કરીએ છીએ ત્યારે પણ ગ્રામજનોના ઉપવાસ આ બાબતે ચાલી જ રહ્યા છે, પરંતુ સત્તાધીશો આ વિરોધને દાદ આપવા માંગતા નથી.

# બંધારણે આપેલા અધિકારોને રુખસદ

## સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના અધિકારોને જાકારો, પ્રાપ્ત સ્થિતિ યથાવત્ રાખવામાંથી મુક્તિ

સન ૨૦૦૬માં કેવડિયા પ્રાધિકરણ અસ્તિત્વમાં આવ્યું. પરંતુ કેવડિયા કોલોની તો ગુજરાત રાજ્યના પંચાયતી રાજ કાયદા હેઠળ ૧૯૯૧માં જ પંચાયત ધારાના નિયમન હેઠળ આવી ગઈ હતી.

૧૯૯૭ની સાલમાં જે અધિકૃત જાહેરાત કરીને નર્મદા જિલ્લો રચવામાં આવ્યો, તે નર્મદા જિલ્લો રચવા માટે ભરૂચ તેમજ બીજા જિલ્લાઓનો કેટલોક હિસ્સો લેવામાં આવ્યો હતો. નાંદોદ તાલુકો જે ભરૂચ જિલ્લાનું અંગ હતું, તે નર્મદા જિલ્લાનું અંગ બન્યું. કેવડિયા કોલોની તો નાંદોદ તાલુકામાં આવી છે તેથી તે પણ નર્મદા જિલ્લાના અંગભૂત વિસ્તારનો ભાગ જ થયો. નાંદોદ તાલુકો તો ભારતના બંધારણની અનુસૂચિ-૫ (પાંચ)ના અધિનિયમ હેઠળ જાહેર કરી દેવાયો હતો. તે અધિનિયમાનુસાર કેવડિયા કોલોનીનો વિસ્તાર પણ કલમ-૫ના અધિકાર ક્ષેત્રમાં જ ગણવો આવશ્યક થાય. અને તેથી પંચાયત રાજ અંગેના ૧૯૯૬નો ધારો PESA (Extension & Scheduled Area) તેને પણ લાગુ પડે છે.

ભારતના બંધારણની આ અનુસૂચિ-૫માં મુકરર કરાયા મુજબ તેમાં નોંધણી થયેલા નિશ્ચિત વિસ્તારોમાં રહેનારા આદિવાસીઓને સ્વનિર્ણિત રાજ્ય ભોગવવાનો અધિકાર સુરક્ષિત કરવામાં આવ્યો છે. તે અનુસૂચિ-૫ થી PESA દ્વારા આદિવાસીઓને પોતાના ક્ષેત્રીય વિસ્તારના ઉપરના અધિકારો તેમ જ તે વિસ્તારના વિકાસ અંગેના તમામ યોગ્ય લાગે તે નિર્ણય કરવાનો અધિકાર આપે છે. વળી, તે કલમ મુજબ તે વિસ્તારમાં કોઈ બિનઆદિવાસીને કે કોઈ કોર્પોરેશન પેઢીને જમીન આપવા ઉપર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. ભારતના બંધારણના ૭૩મા સુધારા મુજબ આદિવાસીઓને સંપૂર્ણ સ્વરાજ્યના અધિકારો આપીને વિકાસ કરવાની તેમજ અલાયદી વહીવટી સત્તા પોતાના વિસ્તારોમાં ભોગવવા માટે આપી દેવાઈ છે. આ PESA ધારો જે ૧૯૯૬માં પસાર કરવામાં આવ્યો તે દ્વારા મુકરર કરેલ વિસ્તારોને તેની ઉપર અધિકારો ભોગવવાનું પ્રસ્થાપિત થયેલું છે.

આમ, PESA એક સર્વગ્રાહી તેમજ વધુ સત્તાદેયી કાયદો છે, જેના દ્વારા



ગામમાં રોજબરોજની જે પરિસ્થિતિ ઊભી થાય તે મુજબ ગ્રામસભાને નિર્ણય કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આમ, સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને PESA દ્વારા સ્થાનિક રીત-રિવાજોને આધારિત નિર્ણયો કરવાની અને લવાદી સમાધાનો મેળવવાની તેમ જ ત્યાંના નૈસર્ગિક સ્રોતો અને સામાજિક પરંપરાઓને જાળવવાના અધિકારો ગ્રામસભાને સોંપવાની પ્રક્રિયા ઊભી કરી દેવામાં આવી છે. અહીં એ કહેવું પણ આવશ્યક થાય છે કે ભારત સ્વતંત્ર થયા પછી આટલા પ્રભાવશાળી શબ્દોમાં ગ્રામસમાજને સ્થાનિક રીતરિવાજો અને પ્રાપ્ત નૈસર્ગિક સ્રોતો તેમજ તેમની પરંપરાગત પ્રણાલીઓને જાળવવા માટેનો કાયદો આ પહેલાં ઘડાયો નહોતો.

આમ, PESA દ્વારા ગ્રામસભાને જે સત્તા આપવામાં આવી છે તે અન્વયે સામાજિક અને આર્થિક વિકાસ અંગેની મંજૂરી આપવાનો અધિકાર અપાયો છે. તેમજ ગરીબી દૂર કરવાનો, ગ્રામ પંચાયતનાં નાણાંનો ઉપયોગ તેમ જ સામૂહિક સ્રોતો અને મિલકતોની જાળવણી, જંગલના ગૌણ ઉત્પાદન પરના અધિકારસહિત અને ગ્રામજમીન ખાલસા કરવા અંગેના તમામ નિર્ણયો ગ્રામસભાને આધિન મૂકવામાં આવ્યા છે. કેટલાંક રાજ્યોએ તે અધિકારો ગ્રામસભાને આપ્યા છે, જે સ્થાયી સમિતિ રચીને વાપરવાનું ગોઠવવામાં આવ્યું છે, તેમ કરીને એવો નમૂનો ઊભો કર્યો છે કે PESAના અમલ માટે તેનું અનુકરણ અન્યત્ર થાય.

ભારત સરકારના માહિતી ખાતાની ૨૦૦૦ની સાલની જાહેરાત મુજબ આ પંચાયત અધિકારનું વિસ્તૃતીકરણ અને મુકરર કરેલા વિસ્તારોમાં PESAનો કાયદો ૨૪મી ડિસેમ્બર ૧૯૯૬ના દિવસથી લાગુ પાડી દેવાયો છે. જેમાં આઠ રાજ્યોનાં આદિવાસી ક્ષેત્રોમાં આ ધારો અમલી કરવાનું ગોઠવ્યું છે. તે આઠ રાજ્યો એટલે આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાનના વિસ્તારો તેમાં ગણવામાં આવ્યા છે. આમ કરવાનો હેતુ આદિવાસીઓ પોતાના ભાવિ ઉપર સંપૂર્ણ નિર્બંધ અધિકાર ભોગવે અને તેમની પરંપરાઓ અને પ્રાપ્ત નૈસર્ગિક સંસાધનોની ઇચ્છિત જાળવણી કરે તેવો છે. ૨૩મી ડિસેમ્બર ૧૯૯૭ સુધીમાં ઉપરોક્ત રાજ્યોને તે અંગેનો કાયદો પસાર કરવાની જવાબદારી સોંપી દેવાઈ હતી. બિહાર સિવાયનાં તમામ રાજ્યોમાં PESAમાં સૂચવાયેલા અધિકારો અમલમાં મૂકવા માટે કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે.

આમ, PESAના અધિકારો ગુજરાત રાજ્યમાં ૧૯૯૮ થી ગુજરાત પંચાયતધારો

પસાર થતાંની સાથે અમલમાં આવી ગયા છે. અને આ પંચાયતધારો સાત જિલ્લાના ૩૩ તાલુકામાં આવેલાં ૫૦૫૫ ગામોને લાગુ પાડવામાં આવ્યો છે.

ગુજરાત પંચાયત ધારા મુજબ ગ્રામસભાને જે અબાધિત અધિકારો સોંપાયા છે તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- ગામના વિકાસ માટેની પ્રયોજના કે કાર્યક્રમને મંજૂર કરવાનો અધિકાર
- ગરીબી નિર્મૂલનના કાર્યક્રમ માટે વ્યક્તિઓની પસંદગી, તે અંગેના કાર્યક્રમો યોજવાનો અધિકાર
- પંચાયતે જે ખર્ચ કર્યો હોય તે અંગેનું પ્રમાણપત્ર પોતે જ આપી શકે તેવો અધિકાર

વિકાસકામો માટે જમીનો ખાલસા કરવા અંગેના નિર્ણયો બાબત તાલુકા પંચાયતને અધિકારો અપાયા છે. કોઈ પણ વ્યાપક વિકાસનું આયોજન કરવું હોય તો તાલુકા પંચાયતને આ બાબતો અંગે અનિવાર્યપણે પૂછવાનું આવશ્યક ગણવામાં આવ્યું છે. આ બાબતો નીચે મુજબ છે :

- વિકાસની પરિયોજના માટે તાલુકામાં કોઈ પણ પ્રકારની જમીન સંપાદન કરતાં પહેલાં.
- આવી પરિયોજના ને કારણે ઊજડનારા લોકોના પુનર્વસન બાબતે.

આ ઉપરાંત, આ કિસ્સામાં 'સમતા'નો ચુકાદો પણ લાગુ પડે છે. આંધ્રપ્રદેશમાં કામ કરતી 'સમતા' સંસ્થાએ આંધ્રપ્રદેશ સરકાર સામે આદિવાસીઓની જમીન ખાનગી કંપનીને ખાણકામ માટે લીઝ પર આપવા બદલ કેસ કરેલો અને 'સમતા' સંસ્થાની જીત થયેલી. જુલાઈ ૧૯૯૭માં સુપ્રીમ કોર્ટે આપેલા આ ઐતિહાસિક ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે ''સરકાર પણ એક 'વ્યક્તિ' છે. અને તેથી આદિવાસી વિસ્તારમાં ખાનગી કંપનીઓને સરકારે આપેલી લીઝ રદ થયેલી ગણવામાં આવે. દેશના ૮ કરોડ આદિવાસીઓ માટે આ ચુકાદો ઘણાં જ મહત્ત્વનાં આર્થિક તેમ જ સાંસ્કૃતિક પરિણામો ધરાવનારો હોઈ તેનું આગવું મહત્ત્વ છે. હવે, અહીં આપણા કિસ્સામાં પણ સ.સ.ન. નિગમ કાયદાની રૂએ તો એક વ્યક્તિ જ ગણાય અને તેથી તે કેવડિયાના અનુસૂચિ-૫ હેઠળ આવતા વિસ્તારની જમીનો ખાનગી કંપનીઓને ટુરિઝમ માટે આપી શકે નહીં.



# અધિકૃત સત્તાની ઉપરવટ

**પેસા (PESA) દ્વારા પ્રાપ્ત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની બંધારણીય સત્તાને કેવડિયા વિકાસ પ્રાધિકરણ (KADA)ને તબદીલ કરીને સોંપામણી.**

અમારી ચિંતાના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

- ભારતના રાષ્ટ્રિય બંધારણના ૭૩ અને ૭૪મા સુધારા મુજબ જે સત્તા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સોંપવામાં આવી છે તે કાડા (KADA)એ ઝૂંટવી લીધી છે. એ સત્તા ગુજરાત રાજ્યના પંચાયતધારા (PESA)થી પણ પ્રાપ્ત વિસ્તારમાં લાગુ પડાઈ હતી. છતાં આમ થયું છે. અમારો સત્યશોધક તપાસનો અહેવાલ, જે ઉપર રજૂ કર્યો છે તે ઉપરથી ફલિત થાય છે કે ૧૯૯૮નો ગુજરાતનો પંચાયત ધારો પણ કોરાણે મૂકીને તેમજ ૧૯૯૩નો રાજ્યનો પંચાયત ધારો જે અહીં પ્રાપ્ત વિસ્તારમાં નિર્ધારિત સુધારા સહિત લાગુ પાડવામાં આવ્યો હતો, તેની બધી જ કલમો 'કાડા'ના વિસ્તારમાં નાકામ બનાવી દેવાઈ છે. કાડાનો મુખ્ય ઉદ્દેશ તો એક પ્રવાસન કેન્દ્રી વિકાસ-માળખાગત ફેરફારો, વ્યાપાર અને મૂડીરોકાણ દ્વારા કરાવવાનો છે.
- આમ, એવા નમૂનાનો પ્રચાર કરવાની આ વાત છે કે લોકોનાં કાયમી રહેણાક સ્થળોને પ્રવાસનનાં ધામોમાં ફેરવી દઈ શકાય.
- જે સમગ્ર આયોજનની દિશા હતી તે બદલીને કાડાને મહત્ત્વ આપવાનું છે. (જે સમગ્ર આયોજન તૈયાર થયું હતું તે દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કરેલા આયોજનને ૧૯૯૮ના પંચાયત ધારા હેઠળ અધિકૃત કરાયું હતું) તેના સ્થાને એક બૃહદ્ આયોજન હેઠળ પ્રવાસન અંગેની વિકાસપ્રક્રિયાને પ્રાધાન્ય આપીને અને વિશિષ્ટ સગવડો પૂરી પાડીને પ્રવાસન-કેન્દ્રી કામો ખીલવવાનું પ્રયોજાયું છે.

આ પ્રવિધિથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમજ તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જેમને બંધારણીય આદેશ કે સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા આવી સત્તાઓનો અધિકાર આપાયો હતો તે વાતને ખોટકાવીને પાટા ઉપરથી ઉતારી દેવામાં આવી છે. આમ, આ ભૌગોલિક વિસ્તારના અધિકારો ખૂંચવી લેવામાં આવ્યા છે. કારણ કે ગુજરાત સરકારની દૃષ્ટિએ આ વિસ્તાર પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાથી વધુ નફાકારક બનાવી દેવાશે. આશ્ચર્ય પામી જવાય તેવા બે

મહત્ત્વના મુદ્દા આમાં સંકળાયેલા છે. પહેલી વાત એ છે કે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે કારણ જળ અને જમીન ઉપર (જે બન્ને નિસર્ગદત્ત સાધનોનો પ્રવાસન ઉદ્યોગને અનિવાર્ય આધાર છે) કબજો કરી લેવાયો છે તેમ જ સાથોસાથ સમગ્ર વિકાસની પ્રક્રિયામાં આવતાં અંગોને બદલે પ્રવાસનને પ્રાધાન્ય આપીને આ વિસ્તારના કસબા અને શહેરો અંગેના કાનૂનથી જે પ્રક્રિયા હાથ ધરાઈ હતી તેનો છેદ ઉડાડીને કેવળ પ્રવાસનકેન્દ્રી વિકાસ ફૂલેફાલે એમ ગોઠવી દીધું - — આ એવો નમૂનો છે જે સ્થાનિક લોકોને ઉપકારક ન થઈ શકે. આમ કરીને કાડા પ્રાધિકરણને સ્થાનિક વિકાસના અપેક્ષિત સામાન્ય મુદ્દાઓને દબાવી દેવાનો અધિકાર આપી દેવાયો છે.

## આથી જ સવાલ ઊભો થાય છે કે

રાજ્યના આયોજન મંડળને રાજ્યભરમાં કયાં કયાં નૈસર્ગિક સાધનો પ્રાપ્ત છે તેનો ક્યાસ મેળવવાનો છે. જો કોઈ વિસ્તારમાં કોઈ અનાવશ્યક સાધન ઉપલબ્ધ નથી તો તે ઘટ દૂર કરવાના ઉપાયો કરવાના છે. આવું કરીને રાજ્યના તમામ વિસ્તારોનો સમતોલ વિકાસ થાય તેવું આયોજન કરવાનો છે. એ પણ હકીકત છે કે રાષ્ટ્રના બંધારણ મુજબ સત્તાનો અને આવા આયોજનમાં પણ વિકેન્દ્રીકરણનો આદેશ આપવામાં આવ્યો છે. આવા આદેશની વિરુદ્ધ જઈને કોઈ ક્ષેત્રના યોગ્ય વિકાસને ધ્યાનમાં લીધા વગર કોઈ ક્ષતિપૂર્ણ આયોજન રાજ્યનું આયોજન મંડળ થોપી શકે ખરું ? જે સામાન્યતઃ ધારેલું આયોજન જેને સ્થાનિક ગામો ને શહેરોએ આયોજન ધારા મુજબ વ્યવસ્થિત નિરૂપણ કર્યું હોય તે પ્રક્રિયાને છાંડીને એવું ગોઠવે કે પ્રવાસનની તરફેણ કરી તેને વિશિષ્ટ સગવડો આપીને પ્રવાસનકેન્દ્રી આયોજન ઘુસાડી દઈ પ્રવાસન ખીલવે — તેવો નમૂનો સ્થાનિક પ્રજાને ન તો ઉપયોગી કે લાભદાયી છે બલ્કે, તે સાતત્યપૂર્ણ ચાલી શકે તેમ પણ નથી.

આવો સ્થાનિક લોકભાગીદારીવાળી સંસ્થાઓના અધિકારો કોઈ વિકાસ માટે કલ્પેલા પ્રાધિકરણને સોંપી દેવાનો આ જે પ્રઘાત ચાલી રહ્યો છે તે તો જ્યારે આપણો દેશ ગુલામ હતો ત્યારે તે વખતના સત્તાધારીઓની જે સમજણ હતી કે સરકાર (માબાપ)ને જ સ્થાનિક પ્રજા કરતાં વધુ સારી સમજણો પ્રાપ્ત છે, તે સમજણો ફરી લાદવાનો પ્રયત્ન જ છે. આવું કરીને પ્રજાના હિતને નામે સ્થાનિક લોકશાહીયુક્ત સંસ્થાઓના અધિકારો ઝૂંટવી લેવાનો સિલસિલો રહ્યો છે. મૂળ જે સત્તાનું વિકેન્દ્રીકરણ કરતાં રહીને સ્થાનિક પ્રજાને વધુ આત્મનિર્ભર કરવાનાં



ઐતિહાસિક કદમો ભરવા તરફના પ્રયત્નોથી અવળી જ દિશાનું આ કદમ ગણવું પડે તેમ છે.

મોટેભાગે જ્યારે પ્રવાસનની યોજના જાહેર કરવામાં આવે છે ત્યારે એવું રજૂ કરવામાં આવે છે કે સૂચિત પ્રયોજના તો નિર્મળ, નિસર્ગયુક્ત હરિયાળા જીવનનું દ્યોતક બની રહે તે માટે પ્રયોજવામાં આવી છે. પરંતુ હકીકત તો ઊંધી જ હોય છે અને તેનું વાસ્તવિક જ્ઞાન તો ઘણું જ ઓછું મોટા ભાગનાને હોય છે. આવી પ્રવાસન યોજનાઓને પરિણામે સ્થાનિક લોકોના અધિકારોનો ભોગ લેવામાં આવે છે અને તેમની રોજીરોટી ઝૂંટવી લેવાનો સીધો કે આડકતરો પ્રયત્ન થતો હોય છે. વળી, સ્થાનિક લોકોનું સામાજિક જીવન ઉદ્ધ્વસ્ત કરીને તેમને વિસ્થાપિત બનાવી દેવાનું જ પરિણામ આ પ્રવાસન યોજનાને કારણે થાય છે. આ પ્રવાસન યોજના દ્વારા મૂળ રહેવાસીઓને તગેડી મૂકીને, તેમના વંશપરંપરાગત ધંધાઓથી હાંકી કાઢી - જેમ કે માછીમારી કરનારાઓને તેમના હંમેશના રહેણાકથી કાઢીને - પછી ''પર્યાવરણીય પ્રવાસન યોજના'' જેમાં સમુદ્રતટી પ્રવાસન, અભયારણ્ય પ્રવાસન, સાહસ પ્રવાસન જેવાં નામોથી નવાજીને લોકમાત્રને છેતરવામાં આવે છે. ગોરાઈ-૧ મનોરીમાં સેઝ (SEZ — વિશિષ્ટ આર્થિક વિકાસ વિસ્તાર) દ્વારા જે પ્રવાસન તેમજ આનંદપ્રમોદ માટે વિકસાવવાની ગણતરી કરી છે તે તો એક હજાર હેક્ટર જમીન ખૂંચવી લેવા માટે રજૂ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં સંઘરાજ્યોનો (Commonwealth) જલસો થવાનો છે તે માટે ૨૫૦ એકર જમીનની જરૂર છે. અને હરિયાણાને 'ડીઝનીલેન્ડ' ઊભું કરવા માટે ગુરગાંવમાં બહુ વ્યાપક પ્રમાણમાં જમીનો ખાલસા કરવાનો ઈરાદો થયો છે, જો કે કેટલી જમીન લેવાશે તેના અધિકૃત આંકડા જાહેર નથી કરવામાં આવ્યા. કાસ્યા (એ સ્થળ જ્યાં બુદ્ધ ભગવાને જીવનના અંતિમ દિવસો ગાળ્યા હતા) કુશીનગરમાં ભગવાન બુદ્ધની પ્રચંડ મૂર્તિ સ્થાપીને ત્યાં એક વિસ્તૃત પ્રવાસન યોજના, ૭૦૦ કુટુંબોને વિસ્થાપિત કરીને ૬૦૦ એકર ખેતીને લાયક ઉપયોગી જમીન ખાલસા કરીને કરોડો ડોલરોનો ખર્ચ કરીને, રચવાનો ઈરાદો કરવામાં આવ્યો છે. આ પ્રકારની જ ઘેલછાથી સરદાર સરોવર નર્મદા નિગમે પર્યાવરણીય પ્રવાસન યોજના ઘડી છે. વાત તો એ છે કે પ્રવાસન ઉદ્યોગમાં જે તેજી આવી છે તેનો લાભ લેવાને નામે પર્યાવરણને સુદૃઢ કરવાની વાત મૂકી છે. બાકી, આ છે તો ઉપર જણાવેલી યોજનાઓ જેવી ભ્રામક જ. સૂચિત પર્યાવરણીય યોજના દ્વારા બંધની નજીકનાં ગામોના હજી વધુ લોકોને વિસ્થાપિત કરવાનું જ પરિણામ આવશે.

૦ શું ગામની સામૂહિક ભૂમિ ઉપરનો કબજો અને તે જમીનના વપરાશનો

અધિકાર, તેમ જ પ્રાપ્ત નિસર્ગદત્ત ઉપલબ્ધિઓનો ઉપયોગ, તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર પડનારી અસરો ઉપરાંત આ તમામ વિસ્થાપિત થનારાં કુટુંબોને બીજું બધું જે કાંઈ ગુમાવવું પડશે, તેનો પૂરેપૂરો અંદાજ મેળવવામાં આવ્યો છે ?

- વાસ્તવમાં, આવી પ્રયોજનાને પરિણામે પર્યાવરણીય અને સામાજિક અસરો શી શી થશે તેનો અભ્યાસ તો પ્રયોજનાને અમલમાં મૂકતા પહેલાં જ કરવો જોઈએ.
- વિવિધ વિષયોના નિષ્ણાતોનું એક સ્વતંત્ર જૂથ રચીને આવી પર્યાવરણીય અને સામાજિક અસરોની ચોકસાઈપૂર્વકની ગણતરી કરાવવી જોઈએ.
- આવા તપાસજૂથમાં સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓને સામેલ કરવા આવશ્યક ગણાવા જોઈએ.
- પર્યાવરણીય અને સામાજિક અસરોની ગણતરી જ નહીં બલ્કે, તેની કાળજી લેવાનું આયોજન જરૂરી છે અને જો જમીનો સંપાદન કરતાં પહેલાં એમ સ્પષ્ટ થાય કે સૂચિત પ્રયોજના તેમજ તેને લગતી અન્ય યોજનાને કારણે સામાજિક અસરો વિપરીત થશે, તો યોજના અટકાવી દેવી જોઈએ.

૨૦૦૦ની સાલમાં રાષ્ટ્રીય પુનર્વસન અને પ્રસ્થાપનની નીતિ અંગેનો ખરડો, તેમ જ તાજેતરમાં ૨૦૦૬ની સાલમાં પુનર્વસન અને પ્રસ્થાપનના કાયદાનો મુસદ્દો રજૂ થયો છે તે બન્ને વિષે EQUATION (ઈક્વેશન) સંસ્થાએ ઘણી મહત્ત્વની ટીકાઓ કરી છે. તેમાંની મુખ્ય ટીકા એ છે કે પ્રધાનપણે જે અસરો સીધી કે આડકતરી આવા પ્રકલ્પોમાં થાય છે તે ધ્યાનમાં લેવાતી નથી. દાખલા તરીકે ગોઆમાં પંચતારક હોટેલો તેમજ રીસોર્ટો અસ્તિત્વમાં આવ્યાં છે. (દરેક રીસોર્ટે સમુદ્ર તટની વીસ એકર જમીન કબજે લીધી છે) બોગામોટો બીચ રીસોર્ટ, હોલીડે ઈન બીચ રીસોર્ટ, મોબોર તટે લીલા પેલેસ અને તાજ આગુડા રીસોર્ટ, કાલાનગુટે તટે અને આવાં અનેક રીસોર્ટો સમુદ્ર તટે રચાઈ ચૂક્યાં છે. તેમાં તાજ આગુડા રીસોર્ટ સહેલાણીઓ માટે સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બની ચૂક્યું છે. આ રીસોર્ટ વિકસાવવા તેણે લગભગ ૭૩ એકર જમીન કાલાનગુટે સમુદ્ર તટની કબજે કરેલી છે. આ રીસોર્ટો વિકસાવવાથી, ભલે બહુ મોટી સંખ્યાના લોકોનું વિસ્થાપન થયું ના હોય, પરંતુ જનસામાન્યને સમુદ્રતટનો હંમેશ મુજબના ઉપયોગ કરવા ઉપર રુકાવટો આવી ગઈ છે. અને



તેમના જીવનયાપન માટેના વ્યવસાયો ઉપર અસર થયેલી છે. નાનાં ઝૂંપડાં ધરાવનારા અને માછીમારી કરીને જીવનારી કોમો તે બધાયને આ વિકાસના કાર્યક્રમો નડતરરૂપ બન્યા છે. ભારત સરકારની રાષ્ટ્રિય સલાહકાર સમિતિએ જે વાત આગ્રહપૂર્વક ધ્યાન પર મૂકી છે તેમાં એ સ્પષ્ટ કહેવાયું છે કે આવી યોજનાઓને કારણે કેવળ લોકોનાં ઘરબારનું વિસ્થાપન જ નથી થતું પરંતુ તેમના જીવનયાપન અને સામાજિક તેમજ સાંસ્કૃતિક વારસા-વાતાવરણને ઉદ્ધ્વસ્ત કરવામાં આ વિકાસ-યોજનાઓ કારણભૂત થાય છે.

## મસમોટી ખાનગી કંપનીઓનું ‘પ્રવાસન’ જાહેર હિતનું કામ બન્યું !!

જે જમીનો સરદાર સરોવર પરિયોજના માટે સંપાદિત કરવામાં આવી હતી, તે જમીનો BSEL જેવી ખાનગી સાહસની પેઢીને કબજામાં આપી દેવી એ તો મૂળ રજૂઆતથી વિપરીત એવી ઘટના તરીકે જ નોંધવી પડે તેમ છે. ગમે તેટલી છૂટ લઈને વિચારીએ તો પણ બંધના નિર્માણ માટે લેવાયેલી જમીન કોઈ ખાનગી પેઢીને હોટેલ બાંધવા માટે અપાય તે તો કોઈ પણ વાદે જાહેર હિત ગણાવી શકાય તેમ નથી. તેમ છતાં તે હોટેલ માટે આપી દેવાઈ છે. શું પ્રવાસન ઉદ્યોગ કોઈ પણ ગણતરીએ જાહેર હિતનું માની શકાય ?

આ પહેલાં પણ કેવડિયામાં જે જમીનો વપરાયા વગર પડતર રહી તેવી જમીનો ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓને, છૂટ લઈને આપી તો દીધી જ છે. જેમ કે સ્વામીનારાયણ ટ્રસ્ટને (લગભગ ૧૦ એકર કેવડિયા ગામતળની જમીન), શૂલપાણેશ્વર મંદિર ટ્રસ્ટને (ગોરા ગામની લગભગ દસ એકર જમીન), જંગલ ખાતાને (૪૦ એકર નવાગામની જમીન). એ જમીન ઉપર રાજ્યના સુરક્ષા પોલીસદળનો કેમ્પ તેમજ તેનું દફતર પણ સ્થપાઈ ચૂક્યાં છે. આ તદ્દન ગેરકાયદેસર પગલાં છે. તેથી જ આ અંગે ગામલોકોએ તકરાર નિવારણ પ્રાધિકરણ GRA (અમદાવાદ) સમક્ષ ૨૦૦૦ની સાલમાં ફરિયાદ નોંધાવી હતી અને આ રીતે અન્ય તેર કામોમાં જમીનો ફાળવવા બાબતે રોક લગાવવા માટે પ્રાધિકરણ પાસેથી હુકમ મેળવ્યો હતો. તે હુકમ મુજબ જે ૨૦૦ એકર સંપાદિત થયેલી જમીન વણવપરાયેલી છે તેને અન્યત્ર વાપરવા વિરુદ્ધ GRAએ નિર્ણય આપીને સરકારને યથાવત્ સ્થિતિ રાખવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત આ તકરાર નિવારણ પ્રાધિકરણે ગામલોકોને એવું વચન આપ્યું હતું કે નિગમ તેમ જ સરદાર સરોવર પુનર્વસન

સંસ્થાને આ છયે ગામના લોકોના પુનર્વસનના અમલીકરણ માટે એક યોજના પ્લાન બનાવવા માટે ફરજ પાડશે. તેમ છતાં તેમાંનું કશું જ થયું નથી. ઊલટાનું આ પ્રવાસન યોજના માટે પડતર રહેલી જમીનો આપી દેવાની વાત ચલાવાઈ રહી છે. આને કોઈ રીતે જાહેર હિત ગણી શકાય તેમ નથી. આખી વાતને ફેરવીને તોળાઈ રહી છે.

આથી જ આવા કિસ્સાઓ જેવા બીજા કિસ્સાઓને આધારે એ જરૂરિયાત સ્પષ્ટ જ ઊભરી આવે છે કે 'જાહેર હિત' કોને કહેવું તેને અંગેની ચોખ્ખી વ્યાખ્યા કરવી જરૂરી છે. તે વ્યાખ્યા એવી હોવી જોઈએ કે જેમાં કોઈ છટકબારી ના રહે અને મનઘડંત એવાં અર્થઘટન કરીને તેનો દુરુપયોગ કરવા માટે કોઈ અવકાશ ના રહે. અત્યારની સ્થિતિ એવી છે કે (જાહેર હિત માટે જમીન સંપાદન કરવા માટે ૧૮૯૪ના કાયદા મુજબ અને પ્રસ્તાવિત ૨૦૦૭નો જમીન સંપાદન કરવા અંગેનો મુસદ્દો અને પુનર્વસન અને પ્રસ્થાપનનો ૨૦૦૦ની સાલનો કાયદો) આના આધારે સરકારોને ઘણી મુક્ત એવી છૂટો (કે છટક બારીઓ ?) જમીન સંપાદન કરવા માટે પ્રાપ્ત થયેલી છે. તેથી જે જે કોમો-લોકોને-આવાં ખોટાં અર્થઘટનોને કારણે દુર્ગમ ભાર ઝીલવો પડ્યો છે અને વિસ્થાપિત થવું પડ્યું છે, તે બધાયની લાંબા સમયથી માંગણી છે કે આ 'જાહેર હિત'ની ચોખ્ખા શબ્દોમાં વ્યાખ્યા કરી દેવી જોઈએ.

રાષ્ટ્રિય સલાહકાર સમિતિ (ભારત સરકારની)એ પુનર્વસન અને પુનઃપ્રસ્થાપન અંગેનો જે અહેવાલ તૈયાર કર્યો તેમાં જાહેર હિત અને જાહેર ઉદ્દેશથી કરવાનાં સરકારી કામો વિષે વ્યાખ્યા કરી અને તે વ્યાખ્યાનાં બધાં પાસાઓની સમજણો આપવા માટેની નિશ્ચિત લાઈન દોરી આપી કારણ કે આ જાહેર હિત-ઉદ્દેશ અંગેનાં અર્થઘટનોનો ઉપયોગ કેવળ 'વિસ્થાપન' કરવાની પ્રક્રિયાને કાયદેસરની ગણવા માટે જ લેવાતો રહ્યો છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ અંગેની પાર્લામેન્ટરી કમિટીએ તેના ૫૯ (ઓગણસાઠ)મા અહેવાલમાં ''મધ્યપ્રદેશની વિકાસ પ્રયોજનાઓને પરિણામે જે આદિવાસીઓને વિસ્થાપિત કરવામાં આવ્યા છે તેમને જે આદિવાસીઓ પાસેથી જમીન ફરજિયાતપણે સંપાદિત કરવામાં આવી છે અને જે વણવપરાયેલી રહી છે તે જમીનો ખાલસા કરનાર અધિકૃત વહીવટ કરનારી સંસ્થાએ જે આદિવાસીઓ મૂળ જમીનધારકો હોય તેમને પરત કરવી જોઈએ'' એવી સ્પષ્ટ ભલામણ કરેલી છે.



જાહેર હિતને નામે સંપાદન કરેલી જમીનો ખાનગી પેઢી, સાહસને, વિકાસકારોને પ્રવાસન નીતિના નામે આપી દેવાનું ગેરકાનૂની પગલું ભરવાનો ઈરાદો ગુજરાત સરકાર ૨૦૦૮ની સાલના મધ્યમાં જાહેર કરવા જઈ રહી છે. સરકાર પ્રસ્તાવ એવો કરવા માંગે છે કે ટુરીઝમની યોજનાઓને માટે જમીન સંપાદન કરવાનું સહેલું બને, જેથી સરકારને જે મુક્તિ પડતર જમીનો ઉદ્યોગોને આપવાને માટે પ્રાપ્ત છે તે હોટેલો, રેસ્ટોરાં, એપાર્ટમેન્ટવાળી હોટેલો આદિનું નિર્માણ કરાવવામાં સરળતા થાય. આ ઉપરાંત પડતર જ નહીં, ખાનગી જમીનો પણ જમીન સંપાદન ધારા હેઠળ ખાલસા કરીને વિવિધ પ્રવાસન પ્રયોજના દ્વારા કાયદાથી નોંધાયેલી કંપનીઓને આપી દઈ શકાય.

શ્રી બી. જી. વર્ગીસ, જેઓ મહાકાય બંધોના પાક્કા સમર્થક છે એવા વર્ગીસજીએ જૂન ૨૦૦૬માં નર્મદા વિસ્થાપન અને આદિવાસીઓ અંગે વ્યાખ્યાનમાં કહેલું, ''બંધ થવાને કારણે આદિવાસીઓની જે આર્થિક અસમાનતામાં વધારો થયો છે, ખાસ કરીને ભીલ લોકો જેઓ બંધની ઉપરવાસમાં રહે છે તેમને સરકારે વિકાસ માટેની યોગ્ય યોજનાઓ કરીને જે જમીનો ખાલસા કરી છે તેમાંના ભાગો તેમને આપી દેવાનું ગોઠવવું જોઈએ'' (૮મી જૂન ૨૦૦૬ IANS). પરંતુ ગુજરાત સરકાર કે નિગમ તેવું કરવાનું વિચારતી નથી.

સન્માનનીય જસ્ટીસ દાઉદ (નિવૃત્ત), જેમણે ગુજરાત સરકારે સ્થાપેલી પુનર્વસનની વસાહતોની મુલાકાત લીધા પછી તેઓએ વિસ્થાપિતો સમક્ષ કહ્યું હતું કે ''સ્વેચ્છાથી કે દબાણથી વિસ્થાપન કરવું પડે ત્યારે વિસ્થાપનનો ઘેરો આઘાત થાય જ એ તો સર્વમાન્ય સમજણ છે. પરંતુ આ નર્મદા યોજનાને પરિણામે જેમને વિસ્થાપિત થવું પડ્યું છે તેમની તો અગ્નિપરીક્ષા જ થયેલી છે. પછી એવી જમીનો સરદાર સરોવર માટે કે નહેરો માટે કે કોલોનીના નિર્માણ માટે ખાલસા કરવામાં આવી હોય તે બધાંયમાં કોઈ વિસ્થાપિત એ લાગણીથી મુક્ત નથી કે તેમને છેતરવામાં આવ્યાં છે, લૂંટી લેવામાં આવ્યાં છે ને અપમાનિત કરવામાં આવ્યાં છે. જે નવી વસાહતો ઊભી કરવામાં આવી છે ત્યાં આવનજાવન માટેના રસ્તા, નળ દ્વારા પાણીની વાત તો ભૂલી જ જાવ; વીજળી, નિશાળ કે હોસ્પિટલ, જેવી પ્રાથમિક આવશ્યકતાઓથી યે તેમને વંચિત રાખવામાં આવ્યાં છે. જે આછીપાતળી જમીનો તેમને ફાળવવામાં આવી છે તેમાં એ વાતનું પણ ધ્યાન રાખવામાં નથી આવ્યું કે જમીનો કેવા સ્તરની છે. અને આ લોકો જ્યારે જંગલની નજીક રહેતાં હતાં ત્યારે તેમની નાની મોટી જરૂરિયાતો, નિસર્ગદત્ત

સાધનો સહેજે મેળવી શકતાં હતાં તે હવે કેવી રીતે મેળવી શકશે તેની કોઈ કાળજી લેવામાં આવી નથી.''

મા.જસ્ટીસ દાઉદે વધુમાં નોંધ્યું હતું કે ''વધારે અસ્વસ્થ કરનારી વાત તો આ તરછોડાયેલા લોકો અને તેમનું સમર્થન કરનારા લોકો ઉપર જે દમનનો કોરડો વિંઝ્યો છે તે છે. આવા વિરોધ કરનારાને માટે જે પ્રક્રિયા અપનાવાઈ છે અને જે પગલાં ભરવામાં આવ્યાં છે તથા ચોકી પહેરાની કડકાઈથી માંડીને સંપૂર્ણ ગુંડાગીરી સુધીની કાર્યવાહીનો જે આશરો લેવાયો છે, તે આઘાતજનક છે. આવા વિસ્થાપિતોને ગમે ત્યારે અટકમાં લેવામાં આવે છે. એમનાં ઘરો ઉપર અમાનવીય રીતે આક્રમણ કરવામાં આવે છે. તેમનાં બાળકો અને સ્ત્રીઓને જાણે ચોર હોય તે રીતે ધકેલી કાઢવામાં આવે છે. બસમાં લઈ જઈ દૂરના સુદૂરનાં સ્થળોએ લઈ જઈ ક્યાંય જંગલમાં કે અવાવરા સ્થળે ફેંકી દેવામાં આવે છે.... આ બધું જ, બિલકુલ ગણતરીપૂર્વકની કાર્યવાહી કરીને વિરોધ કરનારાઓને દબાવી દેવા ને આ તરછોડાયેલા તેમજ તેમને સહાનુભૂતિ દર્શાવનારાઓની બોલતી જ બંધ કરવા માટે પોતે જે સત્તા ધરાવે છે તે રાક્ષસીપણાના પરચાને ટકાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે (ગુજરાતના વિસ્થાપિતોની પરિસ્થિતિ - ભારતીય જન સમાજના ટ્રીબ્યુનલનો પર્યાવરણીય અને માનવ અધિકાર અહેવાલ - ૬ઠો અહેવાલ; ૧૯૯૪, મુંબઈ).

કેવિડયા, ગોરા, લિમડી, વાઘોડિયા, નવાગામ અને કોઠી, આ છયે ગામો આજે સંપૂર્ણપણે નેસ્તનાબૂદ થઈ ગયાં છે. આ ગ્રામજનોએ તેમની લડત ચાલુ રાખી છે ખરી. પરંતુ તેમની તાકાત અને સંકલ્પશક્તિ ઘટી રહ્યાં છે. નર્મદા બચાવ આંદોલનનો કેવડિયા ગામનો જ કર્મશીલ યુવાન દિનેશ ઘણી ગમગીની અને લાગણીપૂર્વક કહે છે, ''રોજ રોજ કોઈ ને કોઈ બહારથી આવીને આ પ્રવાસન યોજનાનો લાભ ઉઠાવી રહ્યા છે. અમારી બધી જમીનો તો જતી જ રહી છે. અમારે માટે અહીં નભાવવાને માટે કોઈ સાધન કે વ્યવસાય પ્રાપ્ત નથી. અમારી પાસે મૂડી કંઈ જ નથી. આ બહારથી આવતા વ્યાપારીઓની સ્પર્ધામાં કોઈ રીતે ઊતરી શકીએ તેમ નથી. અમને નાની દુકાન ખોલવાનો અધિકાર પણ પ્રાપ્ત નથી.'' આમ, સરદાર સરોવરના બંધે છેલ્લાં ૪૭ વર્ષમાં જે સિદ્ધ નથી કર્યું તે આ પ્રવાસન યોજનાની બૂંગી પોકારીને ૯૦૦ આદિવાસી કુટુંબોને તેમના વંશપરંપરાગત સ્થળોએથી હાંકી કાઢવાનું કામ આપણી સરકાર પાર પાડી રહી છે.



તેમની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે, ત્યારે, તેઓ મૂળ પ્રયોજનાથી અસરગ્રસ્ત થયા છે તેવો સ્વીકાર થાય તેવી વાત સિદ્ધ કરવાને આ ગ્રામજનો ઇચ્છે છે, તેમ જ જે પ્રમાણે ડૂબમાં જનારાઓને જે જાતનું વળતર અપાયું તેવું વળતર સરકાર આપે તેમ ઇચ્છે છે. આજનું કેવડિયા બહુ જલદીથી નામશેષ થઈ જવાનું છે. લીમડી કે ગોરા, હંસાબહેન કે શાંતિભાઈ, ધર્મા કે લલિતાબેન કે નારસિંગભાઈ બધાંય, તમામ અલોપ થઈ જશે. અહીં તો હશે કેવળ ભવ્યદર્શન માટેના પોઇન્ટ્સ ૧, ૨, ૩; કે તળાવો, ૨, ૩, ૪, ગોલ્ફ રમવા માટેનું વિશાળ મેદાન, કે વોટરપાર્ક અને અલબત્ત, પેલું આદિવાસી સંસ્કૃતિનું સંગ્રહાલય અને પેલો અર્થહીન બંધ. આ બધું આદિવાસીઓનું સ્થાન લેશે !

# પરિશિષ્ટ ૧

પ્રવાસન અંગેના જે મુદ્દાઓ બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારા દ્વારા પ્રવાસન ઉદ્યોગની જરૂરિયાતો તેમ જ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓના અધિકારો અને જવાબદારીઓ અંગે કરવામાં આવેલી સ્પષ્ટતાઓનો આલેખ :

આ તમામ અધિકારો અને જવાબદારીઓ અનુસૂચિ X1 (Schedule જે પંચાયતોની સત્તા અને અધિકાર વિષે છે.) અને અનુસૂચિ X11th (Schedule જે મ્યુનિસિપાલિટીની સત્તા અને અધિકારો વિશે છે) તે બન્ને બંધારણમાં જે રીતે આમેજ કરવામાં આવ્યા છે, તે મુજબ નીચેનો કોઠો તૈયાર કરવામાં આવ્યો છે.

| **પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓના અધિકારો તેમજ સત્તાઓ** | **પ્રવાસન ઉદ્યોગની આવશ્યકતાઓ** | **નોંધ** |
|---|---|---|
| જમીન સુધારણા, જમીનોની વહેંચણી/ફાળવણીના સુધારાનો અમલ (X1માં Schedule ની યાદી મુજબ) જમીનોનો યોગ્ય વપરાશ, અને મકાનોની નોંધણી કે શહેરીકરણ અંગે (X11મા Schedule)ની યાદી મુજબ | હોટલો, લોજો, રીસોર્ટ, તરણકુંડો, કેસિનો, ગોલ્ફકોર્સ આદિ માટે જમીનની આવશ્યકતા | જે જમીનો પંચાયત કે મ્યુનિસિપાલિટીની હદની અંદર આવતી હોય તે માટે આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મંજૂરીથી પ્રવાસન માટે આપી શકાય. જેમને અધિકાર હોય તે આપે. |
| શહેરી વનવિભાગ, પર્યાવરણનું સંરક્ષણ (ScXII પ્રમાણે) જમીન એકત્રીકરણ અને જમીન ધોવાણ આદિ સામે સંરક્ષણ Schedule XI પ્રમાણે | નિસર્ગદત્ત સાધનોનો વપરાશ | પ્રાપ્ત નિસર્ગદત્ત સાધનો જે પંચાયતની કે મ્યુનિ.ની નજીકમાં હોવાથી તેના ઉપયોગનો સહજ અધિકાર પ્રાપ્ત છે. તેથી તે ત્યાંના લોકોનો અધિકાર બને છે. |
| કોઈ વિકાસના કામ માટે જો જમીન સંપાદન કરવી હોય તો જે વિસ્તારો ઉપર પ્રમાણેની યાદીમાં સમાવિષ્ટ | હોટેલો, લોજો, રીસોર્ટ, તરણકુંડો, કેસિનો, ગોલ્ફકોર્સ વગેરે અને પ્રવાસન સંબંધિત | સ્થાનિક સંસ્થાઓની મંજૂરી મેળવવી જરૂરી છે. |



| | | |
|---|---|---|
| હોય તેને ગ્રામસભા કે પંચાયતની મંજૂરી દ્વારા આવા વિકાસની જે લોકોને અસર થવાની છે તેમના પુનર્વસન અને પ્રસ્થાનનો નિર્ણય કરવાનો રહેશે. (જેથી આ મુકરર કરેલા આદિવાસી વિસ્તારના આદિવાસી લોકોને અન્ય કોઈ અધિકાર ધરાવતી હસ્તીને આવા જમીનના ઉપયોગ અંગેના અતિ મહત્ત્વના વિષયે અને જમીનથી તરછોડાઈ જવા અંગે કાંઈ કરે તેની વાટ જોવાની ન રહે. બંધારણ દ્વારા અને પેસા દ્વારા જ પરિચ્છેદમાં અધિકારો છે તે અન્વયે) | પ્રયોજના માટે જમીનોની આવશ્યકતા | |
| નાની સિંચાઈ, પાણીનો વહીવટ, જળસ્રાવ ક્ષેત્ર (watershed)નો વિકાસ (Sch X પ્રમાણે) ઘરવપરાશ, વ્યાપાર માટે અને ઉદ્યોગોને આપવા અંગે (Sch XII પ્રમાણે) | હોટેલ ઉદ્યોગ, તરણકુંડ, ગોલ્ફકોર્સ અને હોટેલો તેમજ રીસોર્ટમાં આવનારા સહેલાણીઓની હંમેશની જરૂરિયાતો માટે પાણીની આવશ્યકતા છે. | સ્થાનિક સંસ્થાઓની મંજૂરી લેવી જરૂરી છે. |
| (પેસાના અધિનિયમ મુજબ) નાના-મોટા પાણીના સ્રોતોનો વહીવટ અને આયોજન કરવાનો અધિકાર | નિયમિત પાણી મળે તે માટે નદીઓ, તળાવો અને ઝરણાઓ પર આધાર | સ્થાનિક સંસ્થાઓની મંજૂરી લેવી જરૂરી છે. |
| ઘર વપરાશ, વ્યાપાર અને ઉદ્યોગ માટે | હોટેલમાં વિવિધ જરૂરિયાતો (નહાવા, પીવાના પાણીની; | પંચાયતની મંજૂરીનો પરવાનો મેળવવો |

| | | |
|---|---|---|
| પાણીનો ઉપયોગ (Sch XII)મુજબનો અધિકાર | કપડાં ધોવાની; તરવાની; સ્વચ્છતા અંગેની) માટે પાણી જોઈતું હોય છે. | આવશ્યક છે. |
| રસ્તાઓ, ગરનાળા, પુલો, પાણી પરનો બોટો આદિનો વ્યવહાર જેવી જરૂરિયાતોને સામાજિક તેમજ આર્થિક વિકાસની દૃષ્ટિએ અધિકાર (બન્ને Sch.પ્રમાણે) | ટુરીઝમની આ તો માળખાગત જરૂરિયાત છે કારણ કે યોગ્ય આરોગ્યની વ્યવસ્થા, સ્વાસ્થ્ય રક્ષા; કચરાના નિકાલની વ્યવસ્થા; બળતણ, નિયમિત પાણીનો પ્રવાહ; ગટર, બજાર, મેળા આદિ માટેની આવશ્યકતા | પંચાયતની મંજૂરીનો પરવાનો મેળવવો આવશ્યક છે. |
| જંગલની આડસંપત્તિ અને કોમની સમૃદ્ધિની (સામૂહિક સંસાધનોની) જાળવણી | સહેલાણીઓ માટે જંગલમાં હરવા-ફરવાની છૂટ; જંગલ મધ્યે રીસોર્ટ રચવાની છૂટ, જંગલનાં પ્રાણીઓના દર્શન અને ખુલ્લી જગ્યામાં આગ પ્રગટાવી (હોળી) માણવાની છૂટ | પંચાયતનો પરવાનો મેળવવો આવશ્યક છે. |
| ગ્રામીણ વીજળીકરણ, વીજળી વપરાશની વહેંચણી સહિત (Sch XI મુજબ) જાહેર રસ્તા ઉપરની લાઈટ; બસ-સ્ટોપ અને પ્રસાધન સ્થળોએ (XII) | તમામ રસ્તે વીજળીના દીવાઓ, બસ સ્ટોપ પર સહેલાણીઓની તમામ સગવડોના સ્થળે વીજળીનો ખપ. | પંચાયતનો પરવાનો મેળવવો આવશ્યક છે. |
| ઘન કચરાનો નિકાલ | સલામત અને સુયોગ્ય કચરાની વ્યવસ્થાની જરૂરિયાત | પ્રવાસન ઉદ્યોગ મ્યુનિ. આ વ્યવસ્થાઓ પૂરી પાડે તેવી અપેક્ષા રાખે છે. |
| આરોગ્ય; અને સ્વાસ્થ્ય સુરક્ષા-હોસ્પિટલો, દવાખાનાં અને આરોગ્ય કેન્દ્રો (Sch XI)હેઠળ અને જાહેર આરોગ્ય | ગટરોની સુવ્યવસ્થા આવશ્યક; અગમ-ચેતીની આરોગ્ય વ્યવસ્થા; ચેપી રોગોથી બચાવ; દવાઓનો છંટકાવ | પ્રવાસન ઉદ્યોગ મ્યુનિ. અથવા પંચાયતો આવી સેવાઓ પૂરી પાડે તેવી અપેક્ષા રાખે છે. |



| | | |
|---|---|---|
| તેમજ સ્વાસ્થ્ય સુરક્ષા (Sch XII) હેઠળ | | |
| સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (Sch XIહેઠળ) અને શૈક્ષણિક; સૌન્દર્યને લગતા અને સાંસ્કૃતિક વિકાસ | મૂળ વાલીઓ અને ગુરુઓના મેળા; ઉત્સવો; અને સેવા સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સરકસ ને ઇતર આનંદ પ્રમોદની વ્યવસ્થા | પંચાયત/મ્યુનિ. આ પૂરા પાડે તેવી અપેક્ષા રાખે છે. |
| નબળા વર્ગોનું કલ્યાણ ખાસ કરીને અનુસૂચિત જાતિઓ તેમ જ અનુસૂચિત જનજાતિઓનું | પ્રવાસન ઉદ્યોગને આમાં કોઈ જરૂરિયાત નથી તેમ જ કોઈ રીતે રસ ધરાવતો નથી. આ ઉદ્યોગમાં કોઈ સુરક્ષાભર્યો વ્યવહાર કે કાર્યક્રમ સ્વીકાર્યો નથી. મુખ્યત્વે જનજાતિઓનો ઉપયોગ વ્યાપારીકરણ કરી ફાયદો ઉઠાવવા માટે કરે છે. | આ વિષયમાં પ્રવાસન ઉદ્યોગ સંપૂર્ણ ઉદાસીન છે. |
| મહિલાઓ અને બાળવિકાસ | કોઈ ગંભીર વિચાર પ્રવાસન ઉદ્યોગને પ્રાપ્ત નથી. | |
| શહેરી વ્યવસ્થા સમાન બગીચા, રમત-ગમતનાં સ્થળો આદિ (Sch XII) હેઠળ સામૂહિક સંસાધનોની જાળવણી | જાહેર રસ્તાઓ વાપરે જ છે. રસ્તા પરની લાઈટોનો લાભ લે છે. અને પાર્કનો પ્રવાસન માટે ખપ છે. | આ સાધનોની જાળવણી પંચાયતો અને મ્યુનિ. કરે તેવી અપેક્ષા રાખે છે. |
| બજારો અને મેળાઓ | સ્થાનિક હાટો (રવિવારીય કે સપ્તાહમાં એક દિવસ જ્યારે ગોઠવતા હોય) માછલાં માટેનું બજાર; ફળફૂલ, શાકભાજી, સ્થાનિક હસ્તઉદ્યોગ, ઘરેણાં, મોતી આદિ દેખાડા માટે આવશ્યક ગણે છે. | પંચાયતો આની વ્યવસ્થા અને જાળવણી કરે તેવી અપેક્ષા છે. સ્થાનિક લોકોને આમાં આર્થિક લાભ નહીંવત્ મળતો પુરવાર થયેલો છે. |

ઉપરના કોઠામાં ૭૩ અને ૭૪મા બંધારણીય સુધારા મુજબ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓને અધિકારો અપાયા છે તે પહેલા ખાનામાં દર્શાવાયા છે. અને એક સરખામણીનો અભ્યાસ રજૂ કર્યો છે. આ કોઠાથી એ તો સ્પષ્ટ જ થાય છે કે આ પ્રવાસન ઉદ્યોગ પંચાયતો અને મ્યુનિસિપાલિટીનાં સંસાધનોનો ઉપયોગ કરવા માટે તેમના ઉપર જ આધાર રાખે છે. આથી જ એ મહત્ત્વનું થાય છે કે પ્રવાસનનો જે કોઈ કાર્યક્રમ યોજાય તેની પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓને જાણ કરવી આવશ્યક છે. સ્થાનિક નિસર્ગદત્ત સાધનોનો વિસ્તૃત ઉપયોગ જે પ્રવાસન ઉદ્યોગ કરવા માંગે છે અને જેને માટે તેની અપેક્ષા/આધાર પંચાયતો અને નગર-પાલિકાઓ છે તેમને જે મર્યાદામાં આવો વિકાસ કરવાની છૂટ આપી શકાય તેને ધ્યાનમાં લઈને જ મંજૂરી આપવાનું ગોઠવવું જોઈએ.

એવી દલીલ ઘણી વાર રજૂ કરાતી હોય છે કે (મુખ્યત્વે જે લોકો વિકેન્દ્રીકરણનો વિરોધ કરનારા છે તેમની એવી દલીલ થતી હોય છે કે) બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારા ને અગિયાર અને બારમાની મુક્કરર નોંધોને સાથે રાખીને જોઈએ તો પંચાયતોને વ્યાવહારિક અધિકાર સ્પષ્ટ થતો નથી. આ નોંધો કેવળ વિકાસનાં અંગોનું વર્ણન કરે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આર્થિક વિકાસમાં અને સામાજિક ન્યાયની બાબતમાં ભાગ ભજવવાનો હોઈ શકે ખરો.

આમ છતાં ૭૩મા અને ૭૪મા સુધારાના ખરડાના ઉદ્દેશોમાં જે કહેવાયું છે તે ધ્યાન પર લેવું જરૂરી છે. પાયાના લાંબા ગાળાના અનુભવોના આધારે અને આયોજન અંગેના યોગ્ય બંધારણીય માપદંડો તૈયાર કરવાની દૃષ્ટિએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જે સત્તા અને સામર્થ્ય આપવાની જરૂર ધ્યાન પર લેવામાં આવી છે તેની પૂર્તિ કરવા માટે આ સુધારાઓ કરવામાં આવ્યા છે. તેથી આ મુદ્દાઓ કાનૂની અધિકારો અને જવાબદારીઓ બને છે, તેની ઉપેક્ષા કરી શકાય નહીં. રાજ્ય સરકારોને એ બંધનકર્તા છે કે જે તે રાજ્યના પંચાયતધારા અનુસાર સ્થાનિક સરકારોને જે અધિકારોની નોંધણી કરવામાં આવી છે તે દરેક રાજ્યે અમલમાં મૂકવી જોઈએ. જેથી જે તે વિસ્તારનું આયોજન સ્થાનિક લોકોની ઇચ્છાઓને ધ્યાનમાં રાખીને કરાય.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જે સ્થાન બંધારણ દ્વારા આપવામાં આવ્યું છે તે જોતાં આ દેશમાં આધુનિક સુશાસન નિર્માણ કરવાને ક્રાંતિકારી પરિવર્તનની શક્યતા પ્રાપ્ત છે. એ યાદ રાખવું પણ જરૂરી છે કે તેમાં કેવળ શાસન કરવામાં ભાગીદારી કરવાનો જ સવાલ નથી. પણ જે ગરીબ છે, છેવાડાના કરી દેવાયા છે, જેમને દબાવી દેવામાં આવ્યા છે અને જેમને અલગ પાડી અપમાનિત કરાઈ રહ્યા છે તેમને પણ સાંભળવા આવશ્યક છે. આ એક રાજકીય સશક્તિકરણની ખાતરી આપનારું પગલું છે.



# પરિશિષ્ટ ૨

## ગુજરાત રાજ્યમાં PESAનો કાયદો

**બોક્સ નં. ૨.૧ ગુજરાતમાં આદિવાસી વિસ્તારો**

| ક્રમ | જિલ્લો | તાલુકા |
|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મેઘરજ. |
| ૨. | પંચમહાલ | દાહોદ, ઝાલોદ, સંતરામપુર, લિમખેડા, દેવગઢબારિયા. |
| ૩. | વડોદરા | છોટાઉદેપુર, નસવાડી, તિલકવાડા, જેતપુર. |
| ૪. | ભરૂચ | ડેડિયાપાડા, સાગબારા, વાલિયા, નાંદોદ, ઝઘડિયા. |
| ૫. | સુરત | સોનગઢ, ઉચ્છલ, વ્યારા, વાલોડ, નિઝર, માંડવી, મહુવા, માંગરોળ, બારડોલી. |
| ૬. | વલસાડ | વાંસદા, ધરમપુર, ચિખલી, પારડી, ઉમરગામ. |
| ૭. | ડાંગ | આહવા. |

નોંધ : ગુજરાત પંચાયત સુધારા ધારા-૧૯૯૮ની સ્થાનિક વિસ્તારની વ્યાખ્યા કેન્દ્રના 'પેસા' અનુસારની જ છે. આ સ્થાનિક વિસ્તાર જ ગામ બને છે, પણ તેમ છતાં તેની સત્તાવાર જાહેરાતનું કામ રાજ્યપાલ પર છોડવામાં આવ્યું છે.

કેન્દ્રના 'પેસા'ના પાયાના સિદ્ધાંતો અનુસાર આપણા રાજ્યે હવે કાયદા દ્વારા એ સ્વીકાર્યું છે કે ગ્રામસભા આટલી બાબતોનું જતન અને રક્ષણ કરવા માટેનાં પગલાં લેવાનો પ્રયાસ કરશે :

૦ આપણી પરંપરાઓ તથા રીતરિવાજો. ૦ આપણી સાંસ્કૃતિ ઓળખ. ૦ આપણાં સામુદાયિક સંસાધનો. ૦ વિવાદ નિવારણની પરંપરાગત પદ્ધતિ.

નોંધ : કેન્દ્રીય 'પેસા' ઉપરોક્ત બાબતોના જતન અને રક્ષણ માટેની ગ્રામ-સભાની સક્ષમતાની વાત કરે છે. આપણા રાજ્યનો કાયદો આ 'સક્ષમતા' શબ્દનો ઉલ્લેખ કરતો નથી. એનો અર્થ એ છે કે ગ્રામસભા એમ કરવાનો પ્રયાસ કરશે.

**આપણી સત્તાઓ ! પણ તેનો ઉપયોગ આપણે કેવી રીતે કરીશું ?**

ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયતને જે સત્તાઓ કેન્દ્રમાં આપવામાં આવી છે તેની યાદી બોક્સમાં આપવામાં આવી છે. એમાંની કેટલીક સત્તાઓ માત્ર ગ્રામસભાને જ છે અને કેટલીક માત્ર યોગ્ય સ્તરની પંચાયતોને છે અને

કેટલીક સત્તાઓ બંનેને છે. એ નોંધવા યોગ્ય છે કે ગુજરાતમાં ગ્રામસભા તથા યોગ્ય સ્તરની પંચાયતને જે છ સત્તાઓ સંયુક્ત રીતે આપવામાં આવી છે તેમની ગેરહાજરી છે. હવે આપણે એ જોઈએ કે ગુજરાતમાં સ્થાનિક સરકારનાં વિવિધ સ્તરો વચ્ચે સત્તાની વહેંચણી કેવી રીતે કરવામાં આવી છે.

**કેન્દ્ર અને રાજ્યના કાયદાએ આપેલી સત્તાની સરખામણી કરતું કોષ્ટક :**

| ક્રમ | સત્તા | કેન્દ્રનો PESA કાયદો | ગુજરાત રાજ્યનો PESA કાયદો |
|---|---|---|---|
| ૧. | વિકાસલક્ષી પરિયોજનાઓ માટે જમીન સંપાદન તેમજ તેના કારણે અસર પામતા અસરગ્રસ્ત લોકોનું પુનર્વસન | ગ્રામસભા કે યોગ્ય સ્તરની પંચાયત | તાલુકા પંચાયત |
| ૨. | - ગૌણ ખનીજો માટે ખાણકામના ભાડાપટ્ટા કે પરવાના આપવા માટે ભલામણ કરવી.<br>- હરાજી દ્વારા ગૌણ ખનીજોના ઉપયોગ માટે રાહત આપવી | ગ્રામસભા કે યોગ્ય સ્તરની પંચાયત | કાયદો આ વિશે કશું કહેતો નથી. |
| ૩. | લઘુ જળાશયોનું આયોજન અને સંચાલન | યોગ્ય સ્તરની પંચાયત | ગ્રામ પંચાયત |
| ૪. | નશાબંધીનો અમલ, માદક દ્રવ્યોના વેચાણ અને વપરાશ પર નિયમન અને અંકુશ | ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ગ્રામ પંચાયત |
| ૫. | ગૌણ વનપેદાશોની માલિકી | ” | ” |
| ૬. | ધિરાણ પર અંકુશ | ” | ” |
| ૭. | સામાજિક ક્ષેત્રની સંસ્થાઓ અને કર્મચારીઓ પર અંકુશ | ” | ” |
| ૮. | આદિવાસી પેટા યોજના સહિતની સ્થાનિક યોજનાઓ અને સંસાધનો પર અંકુશ | ” | તાલુકા પંચાયત |
| ૯. | જમીનથી અલગાવ રોકવો | ” | જિલ્લા પંચાયત |
| ૧૦. | ગામના બજારનું સંચાલન | ” | - |
| ૧૧. | સામાજિક અને આર્થિક વિકાસ માટેની વિકાસલક્ષી પરિયોજનાઓને મંજૂરી | ગ્રામ પંચાયત | ગ્રામ પંચાયત |
| ૧૨. | ગરીબી નિવારણ તેમ જ અન્ય કાર્યક્રમો માટેના લાભાર્થીઓની પસંદગીનું કામ | ” | ” |
| ૧૩. | પંચાયત દ્વારા અમલમાં લાવવામાં આવતા કાર્યક્રમો તેમ જ પરિ- યોજનાઓ માટેનાં ફંડ તેમ જ આયોજન માટે સર્ટિફિકેટ આપવા | ” | ” |



અહીં એ નોંધવું જરૂરી છે કે ગુજરાતના પંચાયતીરાજ ધારા ૧૯૯૩માં બહુ સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે આખા રાજ્યમાં પંચવર્ષીય યોજના અંતર્ગત આવતી અથવા/અને બીજી પરિયોજનાઓ જેવી કે રોડ બનાવવા, પાણી પુરવઠા વગેરે બાબતો અંગેનાં આયોજન તેમ જ અમલીકરણની સત્તા રાજ્ય પાસે જ રહેશે. તેવી જ રીતે કોઈપણ જિલ્લામાં કોઈપણ કાર્યક્રમ કે પરિયોજના અંગેની તમામ સત્તા રાજ્ય પાસે રહે એવી પણ જોગવાઈ છે. આવી પરિયોજનાઓને કારણે જે વિસ્તારોમાં સ્થાનિક લોકોના જીવન પર અસર થવાની છે, અને ખાસ કરીને જે વિસ્તારો અનુસૂચિ-૫માં આવે છે તે વિસ્તારોની ગ્રામસભાની સલાહ/મત આ અંગે રાજયસરકાર લેશે તેવી કોઈ સ્પષ્ટતા આ કાયદામાં કરવામાં આવી નથી.

પંચાયતી રાજ પદ્ધતિમાં અને તેમાં પણ ખાસ કરીને PESA કાયદાના અમલીકરણ અંગે ગુજરાત સરકારની ઇચ્છા તેમ જ દાનત કેટલી ચોખ્ખી છે તે ઉપરની વિગતોથી આપણે સમજી શકીએ છીએ. ગુજરાતમાં પંચાયતી રાજની સંસ્થાઓને આર્થિક તેમજ વહીવટી સત્તાઓ આપવામાં આવી નથી એવું કેટલાક સમાલોચકોનું માનવું છે. ઉ.દા. આરોગ્યખાતાનું માનવું છે કે તેના કામનું નિરીક્ષણ તેમજ વ્યવસ્થાની જાળવણીની જવાબદારી પંચાયતોને સોંપવી જોઈએ નહીં. ગુજરાત રાજ્યમાં વર્ષોથી પંચાયતી રાજ સંસ્થાઓ અસ્તિત્વમાં આવેલી હોવા છતાં પંચાયતના સભ્યો અને સરકારી અધિકારીઓ વચ્ચે કામ તેમ જ સહકારનો સેતુ બંધાવાનો હજુ બાકી જ છે.

**હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આવી પરિસ્થિતિમાં, જ્યારે વિસ્તાર વિકાસ પ્રાધિકરણની સ્થાપના કરવામાં આવે ત્યારે PESA લાગુ પડે છે તેવા વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કાયદાકીય અધિકારો, જવાબદારીઓ તેમ જ કામકાજનું શું થશે ?**

ચોમાસામાં ફૂટી નીકળતા બિલાડીના ટોપની જેમ દેશભરમાં આવી વિકાસ પ્રાધિકરણ સંસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે. ખાસ કરીને જ્યાં માળખાકીય વિકાસ તેમજ પ્રવાસનની બાબત છે તેવા વિસ્તારોમાં જે ચાલી રહ્યું છે તે પરથી એવું જ કહી શકાય કે બધી જ સત્તાઓ, કામકાજ તેમ જ આ વિસ્તાર અંગેના નિર્ણયના બધા અધિકારો આવી સંસ્થાઓને સોંપી દેવાશે. PESA લાગુ પડે છે તેવા વિસ્તારોમાં ગ્રામસભા સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસશે. એક કર્મશીલે કહ્યું છે તે પ્રમાણે સાચે જ પંચાયતો એ 'સ્વરાજ્યની સંસ્થાઓ' છે એટલું જ નહીં, લોકશાહીની સૌથી મહત્ત્વની સંસ્થાઓ તેમ જ સાધનો છે. લોકશાહીની આ સંસ્થાઓનો પાયો નબળો અને અર્થ વગરનો હશે તો તે દેશની લોકશાહીને નબળી તેમ જ સત્ત્વહીન બનાવી દેશે. અહીં એ પણ નોંધવું જોઈએ કે સંસાધનો ઉપર સત્તા તેમ જ તેને અંગેનો નિર્ણય લોકોનો ન રહેતાં તે કેન્દ્રિત બની જાય છે, તેનું પણ આ ષડ્યંત્ર છે.

આર્થિક તેમ જ સામાજિક વિકાસ માટે પ્રવાસન એ એક બહુ મહત્ત્વનું સાધન માનવામાં આવે છે. પરંતુ, અનુભવ કંઈક જુદો જ છે. પ્રવાસનથી સ્થાનિક લોકોની જરૂરિયાતો, આકાંક્ષાઓ કે વિકાસ થતો ભાગ્યે જ જોવા મળે છે. ઉ.દા. કેરળના વેમ્બાનાડ વિસ્તારમાં પ્રવાસન ઉદ્યોગનો શરૂઆતમાં લોકોએ ઉત્સાહથી સ્વીકાર કરેલો. પરંતુ, જેમજેમ સમય વીતતો ગયો તેમતેમ સ્થાનિક લોકો ઉપર આ ઉદ્યોગનું દબાણ વધતું તેમણે અનુભવ્યું. વેમ્બાનાડમાં જમીનની કિંમતો ખૂબ જ વધી ગઈ, તેમના માછલી પકડવાના તેમ જ છીપલાં ભેગાં કરવાના વિસ્તારોમાં તેઓ છૂટથી જઈ શકતા ન હતા, કારણ કે એ વિસ્તારોમાં મચ્છીમારીની જગ્યા હવે સહેલાણીઓ માટેની 'સ્પીડબોટ', મોટરબોટ અને હાઉસબોટે લઈ લીધી હતી. એટલું જ નહીં, આ પ્રવૃત્તિઓને પરિણામે માછીમારોની જાળો તૂટી જવી વગેરે બનાવો પણ વધતા ગયા. પ્રવાસનને કારણે જે રોજગારીની તકો ઊભી થઈ તેમાં મોટો નફો મેળવનારા ધંધા સ્થાનિક લોકોને ન મળતાં બહારના લોકોને જ મળ્યા. સ્થાનિક લોકોને ભાગે તો આવ્યું કોન્ટ્રેક્ટ મજૂર બનવાનું !



# પરિશિષ્ટ ૩

## ગુજરાત પંચાયત સુધારા ધારો, ૧૯૯૮
## (૧૯૯૮નો ધારો નં. ૫)

ગુજરાત પંચાયત ધારો-૧૯૯૩માં વધુ સુધારા કરવાનો ધારો. ભારતના પ્રજાસત્તાકના ૪૯મા વર્ષમાં આ કાયદો કરવામાં આવે છે.

૧. (૧) આ ધારો ગુજરાત પંચાયત (સુધારા) ધારો -૧૯૯૮ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩માં કલમ-૨૭૮ પછી આ મુજબની કલમો ઉમેરવામાં આવી છે :

*૨૭૮ અ :* આ ધારો ભારતના બંધારણની કલમ-૨૪૪ની પેટા કલમ (૧)માં જણાવાયેલા રાજ્યના અનુસૂચિત વિસ્તારોને અનુસૂચિ-૪માં નિર્દિષ્ટ સુધારાને અધીન રહીને લાગુ પડશે.

*૨૭૮ અ અ :* અનુસૂચિ-૫માં નિર્દિષ્ટ કાયદાઓ રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા એ અનુસૂચિની કોલમ-૩માં નિર્દિષ્ટ બાબત મુજબ સુધારવામાં આવે છે.

૩. મુખ્ય કાયદામાં અનુસૂચિ-૨ પછી નીચે મુજબની અનુસૂચિઓ ઉમેરવામાં આવશે :

**અનુસૂચિ ૪**
**(જુઓ કલમ ૨૭૮-ક)**

(જે ફેરફારોને અધીન રહીને આ અધિનિયમ, રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે તે ફેરફારો)

૧. **કલમ ૨માં, ખંડ(૧૯) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :**

''(૧૯-ક)'' ''અનુસૂચિત વિસ્તારો'' એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ ''રાજ્યના અનુસૂચિત વિસ્તારો.''

૨. **કલમ-૪ને બદલે, નીચેની કલમ મૂકવી :**
**ગ્રામસભા :**

૪ (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ જોગવાઈ કરી હોય તેવાં કાર્યો કરવા માટે ગામ માટે એક ગ્રામસભા હોવી જોઈશે.

(૨) ગ્રામસભા, તે ગામના મતદાર વિભાગોના મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યાં હોય તેવી વ્યક્તિઓની બનશે.

(૩) ગ્રામસભા નીચેનાં વધારાનાં કાર્યો કરશે :

ક. ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો.

ખ. ગ્રામસભાએ-

૧. સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામપંચાયત અમલ હાથ ધરે તે પહેલાં, એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈશે.

૨. ગામમાં ગરીબીનિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યક્તિઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે.

**૩. કલમ-૭માં, પેટા-કલમ-(૧)માં નીચેનો પરંતુ 'ક' ઉમેરવો :**

''પરંતુ અનુસૂચિત વિસ્તારોમાંનો સ્થાનિક વિસ્તારના સંબંધમાં ભલામણ કરતી વખતે, એવી ખાતરી કરવી જોઈશે કે તે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓના સમૂહ અથવા નાનાં ગામ અથવા નાનાં ગામોના સમૂહનો બનેલો છે અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે છે.''

**૪. કલમ-૯માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં પેટા-ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :**

''(૧-ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઈ પણ અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય તેવી ગ્રામપંચાયતની બાબતમાં, પેટા-ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિ જાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા એવી રીતે વધારવી જોઈશે કે જેથી કરીને આવી સંખ્યા ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.''



(આ કલમમાં ગુજરાત સરકારના તા. ૨૩-૧૧-૨૦૦૧ના નોટિફિકેશન દ્વારા જે સુધારો કરવામાં આવ્યો છે તેના કારણે આદિવાસી ક્ષેત્રની જે ગ્રામ-પંચાયતોમાં આદિવાસી વસતી ૨૫ ટકા અથવા તેથી વધારે હશે ત્યાં જ આદિવાસીઓની અનામત બેઠકો કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી નહિ હોય.)

**૫. કલમ ૧૦માં, પેટા-કલમ (૫)માં ખંડ (ક)માં પેટા-ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :**

''(૧-ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઈ પણ અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય તેવી તાલુકા પંચાયતની બાબતમાં, ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિ જાતિ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા એવી રીતે વધારવી જોઈશે કે, જેથી કરીને આવી સંખ્યા તાલુકા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.''

**૬. કલમ ૧૧માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં પેટા-ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :**

''(૧-ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઈ પણ અનુસૂચિત વિસ્તારોનો બનેલ હોય તેવી જિલ્લા પંચાયતની બાબતમાં, ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિ જાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા એવી રીતે વધારવી જોઈશે કે જેથી કરીને આવી સંખ્યા, જિલ્લા પંચાયતમાંની બેઠકોમાંની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.''

**૭. કલમ ૧૧ પછી, નીચેની કલમ દાખલ કરવી :**
**અનુસૂચિત આદિ જાતિના સભ્યો નિયુક્ત કરવા બાબત :**

''૧૧-ક. કોઈ કારણોસર, ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિ જાતિનો કોઈ સભ્ય ચૂંટાય નહિ તો, રાજ્ય સરકાર, ચૂંટાવા માટે યોગ્ય હોય તેવી અનુસૂચિત આદિ જાતિના સભ્યોમાંથી તે પંચાયતમાં ચૂંટાયેલા કુલ સભ્યોના એક દશાંશ કરતાં વધે નહિ તેટલી સંખ્યાના સભ્યો નિયુક્ત કરી શકશે.''

**૮. કલમ ૫૧માં, પેટા-કલમ (૨)માં, :**

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો -

''(ક) રાજ્યની ગામ પંચાયતોના સરપંચના હોદ્દા, અનુસૂચિત આદિ જાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઈશે.''

**સ્પષ્ટીકરણ** : આ ખંડના હેતુઓ માટે, 'ગામ પંચાયત' એટલે ગામ પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય.

(૨) ખંડ (ખ)માં,

(ક) પેટા-ખંડ (૧)માં, ''અને'' શબ્દ કમી કરવો;

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

(આ કલમમાં ગુજરાત સરકારના તા. ૨૩-૧૧-૨૦૦૧ના નોટિફિકેશન દ્વારા જે સુધારો કરવામાં આવ્યો છે તેના કારણે જે ગ્રામ પંચાયતમાં બિનઆદિવાસીઓની વસતીના ૭૫ ટકા કે વધારે હશે તે ગ્રામ પંચાયતમાં સરપંચનો હોદ્દો આદિવાસીઓ માટે અનામત રખાશે નહિ.

**૯. કલમ ૬૩માં, પેટા-કલમ (૨)માં,**

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકુર મૂકવો.

''(ક) રાજ્યની તમામ તાલુકા પંચાયતના પ્રમુખના તમામ હોદ્દા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવો જોઈશે.''

**સ્પષ્ટીકરણ** : આ ખંડના હેતુઓ માટે, 'તાલુકા પંચાયત' એટલે તાલુકા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય.

(૨) ખંડ (ખ)માં,

(ક) પેટા-ખંડ (૧)માં, ''અને'' શબ્દ કમી કરવો;

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

**૧૦. કલમ ૭૭માં, પેટા-કલમ (૨)માં,**

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકુર મૂકવો.

''(ક) રાજ્યની તમામ જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઈશે.''

**સ્પષ્ટીકરણ** : આ ખંડના હેતુઓ માટે, 'જિલ્લા પંચાયત' એટલે જિલ્લા



પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય.

(૨) ખંડ (ખ)માં,

(ક) પેટા-ખંડ (૧)માં, ''અને'' શબ્દ કમી કરવો;

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

**૧૧. કલમ ૧૦૮માં પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી :**

''(૫) (ક) આ અધિનિયમના હેતુઓ માટે, તે ગામની હકૂમતમાં આવેલ હોય તેવા (રાષ્ટ્રીય ઉપવનો અથવા અભયારણ્યોના વિસ્તારમાંથી મળી આવેલ હોય તે સિવાયના) વન વિસ્તારમાંથી મળી આવેલ ગૌણ વનપેદાશ ગામ પંચાયતમાં નિહિત થશે.''

(ખ) ગૌણ વનપેદાશની વેચાણ ઊપજ, ગામના ફંડમાં ભરવી જોઈશે અને તે તેનો ભાગ બનશે.

(ગ) ખંડ (ક)માંના કોઈ પણ મજકૂરનો અર્થ, ખંડ (ક)માં ઉલ્લેખેલ વનવિસ્તારની જમીન અને તેના પરનાં ઝાડ અને છોડ ગ્રામ પંચાયતમાં નિહિત થાય છે, તેવો કરી શકશે નહિ.

**સ્પષ્ટીકરણ** :

આ પેટા-કલમ હેતુઓ માટે,

''ગૌણ વનપેદાશ'' એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત ગૌણ વનપેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ની કલમ ૨ના ખંડ (૯)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

**૧૨. કલમ ૧૧૨માં પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:**

''(૧-ક) પંચાયતે, કલમ ૪ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ)ના પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે, પંચાયત દ્વારા ફંડના ઉપયોગ માટેનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવું જોઈશે.''

**૧૩. કલમ ૧૩૨ પછી, નીચેની કલમ ઉમેરવી :**

જમીન સંપાદન અને અસર પામેલ વ્યક્તિઓના પુનર્વસવાટ પહેલાં તાલુકા પંચાયત સાથે વિચાર-વિનિમય કરવા બાબત :

''૧૩૨-ક. તાલુકા પંચાયત સાથે -

(ક) કોઈ પણ વિકાસ પરિયોજના માટે તાલુકામાં આવેલી કોઈ પણ જમીનનું, જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ સંપાદન કરતાં પહેલાં,

(ખ) આવી પરિયોજનાથી અસર પામેલી વ્યક્તિઓના પુનઃસ્થાપન અથવા પુનર્વસવાટ કરતાં પહેલાં; વિચાર-વિનિમય કરવો જોઈશે.''

**૧૪. અનુસૂચિ ૧માં,**

(૧) નોંધ ૧માં, પેટા-નોંધ (ટ) પછી, નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી :

''(ટ-ક) કેફી પદાર્થોના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવા અને તેનું નિયમન અથવા નિયંત્રણ કરવા બાબત.''

(૨) નોંધ ૭માં પેટા-નોંધ) (ડ) પછી, નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી.

''(ડ-૧) જળસંસ્થાઓનું આયોજન અને વ્યવસ્થાપન બાબત.''

(૩) નોંધ ૧૦ પછી, નીચેની નોંધ ઉમેરવી :

''૧૧. સામાજિક ક્ષેત્રના કાર્યક્રમમાં, તમામ સામાજિક ક્ષેત્રોમાંની સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ કરવાની સત્તા બાબત.''

**૧૫. અનુસૂચિ ૨માં, ભાગ ૧માં, નોંધ ૫માં પેટા-નોંધ (ઘ) પછી, નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી :**

''(ચ) સ્થાનિક યોજનાઓ અને આદિ જાતિ પેટા-યોજનાઓ સહિત આવી યોજનાઓનાં સાધનો ઉપર નિયંત્રણ.''

તાલુકા પંચાયતની ફરજો બાબતની કલમ ૧૩૦ હેઠળની અનુસૂચિ-૨માં નીચેની ફરજ ઉમેરવામાં આવી છે. સ્થાનિક યોજનાઓ અને આદિજાતિ પેટા-યોજનાઓ સહિત આવી યોજનાઓનાં સાધનો ઉપર નિયંત્રણ.

ઉપરની જોગવાઈઓ પંચાયત ધારાની કલમ ૨૭૮-ક હેઠળની છે.

નીચેની જોગવાઈઓ પંચાયત ધારામાં નવી ઉમેરેલી કલમ-૨૭૮-કક અન્વયે છે. આ કલમથી અનસૂચિ-૫માં નીચેના બે અધિનિયમોમાં પ્રત્યેકની એક કલમ સુધારવામાં આવી છે. તેની ટૂંકી વિગતો નીચે મુજબ છે.



(૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (ટૂંકમાં લેન્ડ રેવન્યુ કોડ)ની કલમ ૭૩ કકમાં સુધારો કરીને કોઈ આદિવાસીની જમીન બીજા કોઈને તબદીલ કરવી હોય તો તેણે કલેક્ટરની પૂર્વમંજૂરી મેળવવાને બદલે જે તે આદિવાસી ક્ષેત્રની જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી મેળવવી જોઈશે, એવી જોગવાઈ કરાઈ છે.

(૨) મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ, ૧૯૪૬ની સુધારેલી કલમ ૧૭-૪ અન્વયે કોઈ પણ નાણાંની ધીરધાર કરનાર, અનુસૂચિત વિસ્તારમાં રહેતા અનુસૂચિત આદિજાતિના કોઈ ઈસમને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વમંજૂરી સિવાય કંઈપણ નાણાં ધીરી શકશે નહિ, એવી જોગવાઈ કરવામાં આવી છે.

પ્રસ્તુત પુસ્તિકામાં આપેલ વિસ્તૃત તપાસનો અહેવાલ સુપર્ણો લાહીરી (NFFPFW National Forum of Forest People and Forest Workers) અને અદિતિ ચંચાની (Equations)એ સંશોધન કરીને તૈયાર કર્યો છે. માર્ચ ૨૦૦૭માં તેમણે કેવડિયા તેમ જ વડોદરાની મુલાકાત લીધા પછી આ અહેવાલ તૈયાર કર્યો હતો. તેમના અહેવાલમાં ઉમેરણ અને અન્ય સહાય અનન્યા દાસગુપ્તા (Equations)એ કરી છે.



# ઇક્વેશન્સ અંગે થોડુંક

Equations

EQUATIONS એ સંશોધન કરનારી અને હિમાયત (ADVOCACY) તેમજ સંઘર્ષ કરનારી સંસ્થા છે. મુખ્યત્વે તેનું કામ પ્રવાસન અંગેની પરિયોજનાઓથી સ્થાનિક લોકોના અધિકારો પર થતી અસરો તેમ જ તેમના લાભાલાભ અંગેની માહિતી પ્રાપ્ત કરવાનું છે. ઇક્વેશન્સના દર્શન પ્રમાણે પ્રવાસન યોજના એવી હોય કે જેમાં કોઈનુંયે શોષણ ન થાય તેમ જ પ્રવાસનના લાભ અને તકો સૌને સમાનરૂપે પ્રાપ્ત હોય તથા તેને લગતા બધા નિર્ણયો લોકશાહી પદ્ધતિથી લેવાય.

પ્રાપ્તિ સ્થાન :

(૧) **રોહિત પ્રજાપતિ**
૩૭, પત્રકાર કોલોની, તાંદળજા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૦.

(૨) **લખન મુસાફિર**
મુ. ઉમરવા, પો.ગોરા કોલોની - ૩૯૩૧૫૫.